ॐ

realpatidar.com

2025-01-13 Obtained in -Manuscript -Satpanth Ginans (1263)

realpatidar.com

૬૧	વેળા પરોતીને તમે વેદ વિચારો.	૭૮
૬૨	વેળા આવી હવે વારના લાગે	૮૦
૬૩	અસ્વારી આવીને દુઈ વધાઈ	૮૨
૬૪	ઊંચા ઊંચા તરૂવર ગગન અડ્યા	૮૪
૬૫	આજર જમાનો આવે મેરે યારો.	૮૬
૬૬	આજ અવસર દન ઊલટાંરે.	૮૮
૬૭	ચતુર મુનીવરો ચેત વિચારો.	૯૦
૬૮	દેવે દલે તપાસો - મુનીવર કુડવા ના વાસો	૯૨
૬૯	સતપંથ વટીરી વટોરી આળગા ના રહીએ	૯૩
૭૦	અમે વેદવાણીને બ્રહ્મા ગનાંની	૯૪
૭૧	આવો આવો મુનીવર વાર	૯૫
૭૨	તમે વચને આતોને વારારે.	૯૬
૭૩	શરીફ સવાઈ એમ બોલાયરે	૯૬
૭૪	સતપંથ સેવ્યા તેતો કોઈએના જાણ્યારે : વારા:	૯૭
૭૫	કરિયા કરજોડી રાજા હરિશ્ચંદ પાળે	૯૮

[illegible]

પરથમ પહેલા આદર માંડ્યા - ગનાંન તણાં મંડાણ રે -
પારે પાખરણા આસન કીજીએ જી =૧= કરણ કલકીના
દેવ આવે - ચારે જુગના આજ રે - કરતા ત્રેતા દ્વાપર
આવે આ સમે જી =૨= ઋગ્વેદ યજુર્વેદ આવે - સામવેદની
સાખે રે - અથરવેદ આવે પોતે નરહરિ જી =૩= પાચ સાત
ને નવ કરોડી - જારે ગોર સહેદેવ રે - અનંત સુ આવે
કમળાકુંવર સુરતા સતી જી =૪= સાત સાહેર નવસો
નવાણું - સરિતા છે જે આદ રે - તે સરવે આવે રે વાણી
વેદ સુણે જી =૫= સકળ જાત્રા અડસઠ તીરથ - આવે રે ગત
તીરથ પી - પાવન પોતે કરે જી =૬= સર્વે આવે ધ્યાન
ધરીને - સાંભળે સાચી વાણ રે - અગોચર આવે ગોરને
પાયે પડે જી =૭= તમે ધરમી ધ્યાંન ધરો રે - જાપણે સુનો
સત ગનાંન રે - આઘા પાછા પર નિંદા નવ કીજીએ જી =૮=
ગનાંન તણો જે સાર કહીસે - તે ગાંઠે બાંધી લઈસે રે -

જે પછી કારજ થાય જીવ તણાં જી =૯= ગનાંન સુણે રે
ગતમાં આવી - દૂર પળાય પાપ રે - અરે તો જરૂર ફરી
જાતીએ જી =૧૦= બોલ્યા રે જુહરદીન બાવા - ગનાંન
તણા ભંડાણ રે - મંગળાચરણ પરથમ કીજીએ જી =૧૧=

શ્રી સતગોર સહેદેવ વાચા :- કારતક માસનુ ઘોળ :-

કારતક માસે કરો સ્નેહ - કાયમ કરે કીરતાર જી =૧= કંચન
ક્રિયા પાળશો તો - ઉતરશો ભવ પાર જી =૨= પરથમ પહેલી
પેર કરજો - સ્વામીજી સંભાળ જી =૩= જેણે રચના કીધી
અવનવી રે - જગત પ્રતિ પાળ જી =૪= તે આજ અમે
રંગ ભરી - ઝીલે મહાવ મોરાર જી =૫= તેમની મોરાદો
આપસે રે - ને જરૂર કરૂ નિરધાર જી =૬= કમર બાંધી
કામ કરશો તો - ઉતરશો સંસાર જી =૭= કારતક માસે
કાન જી તો - કહે વેદના વિસ્તાર જી =૮= સંખ્યા તો સઘળી
પુરી હોઈ - અગે નકલંક કીરતાર જી =૯= તેમના નામ
નવેખંડ થાસે - જય જયકાર વરતાય જી =૧૦= એ દુઃખ

દુનિયાના રાજસેને - હવે સુખ સરપને થાય જી =૧૧=
કરતકે ઘોખ બોલ્યા - આપે જુદરદીન સાહેજી =૧૨=
શ્રી સતગોર સાહેબ વાચા:- માગસર માસનુ :- માગસરે
મન મનાવસુ - આપે સાંમીજી કીરતારે રે =૧= સુખ આપે
રે સવા લાખનુ - ખાવા તો ખુદરતી સમાર રે =૨= લીલાં
રંગ શા કહુ - શોભા તો પરણવી નવ ભય રે =૩= માગસરે
માસે રે મોલમા - મંદિરે બેઠાં છો સાહે રે =૪= તેમને
પરખીને પરમાણએ - ઉત્તમ ધરમને ભાવ રે =૫= દાન
પુણ્ય રે દક્ષિણાં આપીએ - જીભે તો ભજન તણાં ભંડાર રે =૬=
એક મને રે આરાધીએ - તે કંઈ ગણતાં ના આવે પાર રે =૭=
ચંત ચરણે તમે રાખજો - મુનિવર મારા તો ચાર રે =૮= હેતે
પ્રીતે રે હરિને રીઝવો - તારે તો લેવી પડસો પાર રે =૯=
પંડ તમારા ના પારખુ - આવ્યા છે આપે કીરતાર રે =૧૦=
એ સુધ લો તો સારી પાલડી - મુનિવરો હાજર છુ અવતાર
રે =૧૧= પીર જુદરદીન બોલીયા - માસ તો માગસરના

४

સમાર રે =૧૨= શ્રી સતગોર સહેદેવ પાચ્યા: પોષ માસનુ:
પોષ માસે મિત કરોને પિયુ તણો રે - ઉલટ હરખ
અપાર = આંચલો = ગજંદર ધોળ ધમ ધમાં રે =૧= સેજે
શિયાળો મેતા વહી જાસે રે - નવ કીધાં પંડ પોસ્યાંના
પ્યાર = ગજંદર =૨= એવી રાતે ભેળા સરવે કારમુ રે - મેતાં
મેતાં વહી ભસે દંન = ગજંદર =૩= પડ્યુ રહ્યુ ને પલકમાં
નીસરે રે - પછી વીરા પસ્તાપાંના દંન = ગજંદર =૪=
કાળ આવ્યો ને મેતાં લઈ ભસે રે - પછી સરવે ઠાંમઠાંમ -
ગજંદર =૫= માતાપિતાને નારી સાથે સ્નેહ ઘણો રે - પુત્ર
પુત્રી પડ્યો રહ્યો પરિવાર = ગજંદર =૬= નાત ભતની
આરમ ત્યાં રહી રે - પંડ સાથે કોઈ નહિ નિરધાર = ગજંદર
=૭= આગળ થયા રે બે જણ જણ કરી રે - ધરમ પાપ
ધજન ધારી સાર = ગજંદર =૮= આજ દેવા સાથે આવે
ત્યાં લગો રે - બીજી સરવે આંહાની જેમન = ગજંદર =૯=
પીર કુદરદીન પ્રેમે બોલીયા રે - ઘોળના આવ્યા ધમધમ

ઢાર = ગજંદર =૧૦= શ્રી સતગોરે સહેદેવ પાચ્યા: મહા માસનું
મહા મહીનાની રે વાતડી· ચાલ્યા શિયાળાના દંન રે=
સાંચલો= સાંમીજી તમને વિનવે=૧= ભજન કરોને તમે
ભાવસુ· દાંન કરો તો દધીદર ભય રે = સાંમીજી=૨= કસ
કરો તો કરીઆ અપનપો= કાયાના લોકો ને તન રે=
સાંમીજી=૩= અંતર ધોઈને અજવાળીએ· મનડાં તો પુનમ
કેરા ચંદ રે = સાંમીજી=૪= દરપણ જેવાં રે નિરમળા એવાં
થઈને રહેજો ધન્ય રે =સાંમીજી=૫= મેલ રાખો તો ઝાંખા
મહી પડો· તે તો અમારે નહીં મન રે = સાંમીજી =૬= હાલ
ગુજરી હાંડો હેતસુ· તો નીલ આવો દેવને દરબાર રે =૭=
નિર્મળ થઈને ચાલજો· પાણીથી પાતળા થાવ રે =સાંમીજી=
૮= ઝીણા તો થઈ તમે નુર ઝરો· તો તારે તો અરસમાં
સમાવ રે =સાંમીજી=૯= એવી શિખામણ પાળસો· તો
કંચન સોના સરખા થાવ રે =સાંમીજી=૧૦= પીર જુહરદીન
પાસે આવીયા· તો ઘોળ બોલ્યાંના આપ્યા દાવ રે=સાંમીજી=૧૧=

શ્રી સતગોરે સહેદેવ વાચા: ફાગણ માસનુ- ફાગણ માસ તો
આવીયા રે- ફાગ વેળાના દંન- હરિ સંગાથે હેતે રમોરે-
તો પ્રસન્ન થાયે જુગજીવન = આવલો- સાંમીજી પરણે
પસમ કુંવારો રે =૧= અબીલ ગુલાલ ઉડાડીએ રે -ભરી ઝોળી
ગરકાવો- સંઘે શોભીએ અપનવાં રે- તેવાં આજ મુંને
વરો થાઓ = સાંમીજી પરણે =૨= રૂખમાગદ અમરીષ જેવાં-
ધ્રુવ પ્રહલાદની સાંખ- રોહા ગુણ રાજા સિધ્ધ પયારે-કમળ
રોહે કીધાં રાજ = સાંમીજી =૩= હરિચંદ સરખા હરખીયા રે-
પાંડવ પાંચે વીર- ઓધવ અક્રુર અપનવાં રે- વિદુર
સુદામા સરખા સધીર = સાંમીજી પરણે =૪= એવા પાંમે આ
સમે રે- પહેલા પહીલાલ વીર- સાચી કરવા સાધના રે-
મારે સમજાવી કહે છે પીર = સાંમીજી પરણે =૫= કહ્યાં કરો
તો કારમાં રે- દંન એતા પહોમય- ફાગણની ઋતુ ફરી જસે
રે- આવો વસંત ફરી નહીં આવે = સાંમીજી પરણે =૬= તે મારે
તમને કહુ રે- કમાઈ કરો આ દંન- પણ સ્વપ્ના જાણજી વહી

જુઓ રે- પછી પસ્તાવો જન્મોજનમ:સોમીજી પરણે:૭:
સગાઈ મારે તમોને કહુ છુ - મે સાચવશો સીરદાર-પણ
અમરનાં દુઃખ દોહ્યલાં રે- કમાઈ વિના પસ્તાવુ છે ચાર:
સામીજી:પરણે:૮: સુખ નહીં સત વિનારે-દુઃખ તો અપાર
દુખોને પસ્તાવડો રે- આવે ત્યારે ત્યાં અપાર-સોમીજી
પરણે:૯: હાથ ઘસોને હૈયા કુટો- નયણે ચાલે નીર-પછી
તે દન કરશો ઓરતાં રે-મારે આજ કરો કહું છે વીર:સોમી
જી પરણે:૧૦: કાંઈક દીજે કાંઈક લીજે-કાંઈક કરો તો સાર-
પણ ચોઘડીયાનુ ચોકઠું રે- તેમાં તરવો આ સંસાર:સોમી
જી પરણે:૧૧: પરોણાગતે આવીયા રે - જ્યાના ઉચાર-પણ
રહેવાનો નહીં આસરો રે- તો તેમાં માંડીશુ જેઠાં ઘર-
સોમીજી પરણે:૧૨: ઉઠાંતરી હવે કરો રે - સમી સાંજ સમાર-
રાત પડી રડી ઉઠીયાં રે -જુઓ જમનો નહીં લગાર:સોમીજી
પરણે:૧૩: એવી કાયા કારમો રે- કગારો સંસાર - પણ સાહેલ
મા સહુ એકઠુ રે -પછી એકલાં ત્યાં નિરધાર-સોમીજી પરણે:૧૪:

પીર નુરદીન બોલીયાં રે- ધોળના ઘમઘમકાર- પણ
પડછાં પાગે પીરના રે- હવે ભગે નર કીરતાર :સાંમીજી
પરણે પસમ કુંપારી રે:૧૫: શ્રી સતગોર સહેદેવ પાયા:-
ચૈત્ર માસનુ: હવે ચૈત્ર રે ચમત્કાર પુરા- અજવાળાં
અપાર જી:૧:હવે રહેણી રજનીની શોભા સારી- પરણસે
કીરતાર જી:૨:હવે ચૈત્ર માસ સોહામણો- અને રૂડો છે
અગાજ જી:૩: એ શુક્લ પક્ષે શરદ પુનમે- ઉઘલસે મધરાત
જી:૪: ત્યાં ચારે જુગનાં દેવ મળસે- સહુ ઋષિની સાથ
જી:૫: ત્યાં કરણ કલકીના દેવ આવસે- તમારાં તે ચાર જી:૬:
ત્યાં પસમ સાથે પર પરણસે- ઉગમતે તભાલ જી:૭: ત્યાં
મંગળ ગાસે માનુની- તેની શોભાનો નહીં પાર જી:૮: ત્યાં
મોટામોટે મનભરી- ગાયે ગુણવંત સાર જી:૯: જે આજ
નારી સત કમાસે- તે તાંહાં છે સરદાર જી:૧૦: તે સાહેબની
સાથે પ્રેમે સ્નેહે- ગાયે છે ગરકાપ જી:૧૧: તેણે શોભતાં
શણગાર પહેરાં- તે લજ્યા નપ ભય જી:૧૨: મારે પરણીન

૯

કરતાં પારના આવે સંએપે કહે સાહેબજી =૧૩= એ ઘોળ
પાસે રહીને બોલ્યા - લખાવે બુદરદીન સાહેબજી =૧૪=
શ્રી સતગોર સહદેવ પાયા: વૈશાખ માસનું:- વૈશાખે
મોરી છે વનવાડી રે =૧= ખુદરત મુનિવરને દેખાડી રે =૨=
ફરખે હીરા પરખ્યાં પુરા રે =૩= જેને આજ તો હજુર રે =૪= તેનાં
દુઃખડાં તો ભસે દુર રે =૫= જેણે પોધાં ઓળખો અમર નુર રે
૬= તે તો જઈને મળ્યા છે હજુર રે =૭= પાવન પુરૂષોની પ્રીતો
ભણી રે =૮= તેને તો અંતરિક્ષની ચઈ પાણો રે =૯= દુરાં
ના પ્રેમે સ્નેહથી લખાણો રે =૧૦= જે કોઈ તજસે તરીયા ભણો
રે =૧૧= જેણે ઓળખ્યા સારંગ પ્રાણો રે =૧૨= તેણે તરીઆં
ભણો છે ઘુળધાણો રે =૧૩= સમ ધ્યાન રાખો સતગોર ભણો
રે =૧૪= તે ચયો મુજ બરાબર પ્રાણો રે =૧૫= દુલવ દુઃખની
વાત સમાણો રે =૧૬= તે નહી દુબીયો દુલવ પ્રાણો રે =૧૭=
તેણે મારા ઘરની વાતો ભણો રે =૧૮= તે ગયો બીસતને
હકીકત માની રે =૧૯= એમ કરો કાયમ કહે કીરતાર રે =૨૦= દુઈકે

વાતો અપરંમપાર રે=૨૨= કરેતાં દેન ગયા જુગ ચાર રે=૨૨=
એ ઘોળ બોલ્યા જુદરદીન કીરતાર રે=૨૩=
શ્રી સતગોર સરેદેવ વાચા:- જેઠ માસનુ: સાંમી જેઠ માસે
જુગજીવન - પ્રીત કરીને નરખો આજ= સાંયલો= નૈનાં
ભરીને નરખોસે=૧= શોભાં શાહાની સાંભળો અપનવી-
રૂપ દીસે ઉંચ્યાં કોટિ ભાણ= નૈનાં=૨= હરિને અંગે ઘરેણાં
રે અપનવા- કંઠે પહેરી મોતીની માળા= નૈનાં=૩= હરિને
જડીતર બાજુબંધ બેરખા- પોંચી ઘાલી પરિબ્રહ્મનાથ-
નૈનાં=૪= હરિને કંઠે લો હાર હીરે જડ્યા- હરિને કંઘોરો કમળ
ની ભાત= નૈનાં=૫= હરિને કાંને લો કુંડળ શોભતાં-
દસે આંગળીએ જડાવ= નૈનાં=૬= હરિએ પહેરણ પહેર્યાં
છે અપનવા- સેર સીરબંદ સાજ અપાર= નૈનાં=૭= હરિ
ને નવ ઘરીયું નવેખંડનુ- તેમાં જડ્યા છે ચૌદ બ્રહ્માંડ નૈનાં=
૮= હરિએ વાઘા પહેર્યા રે વર બિડલે- હરિએ સોઠી છે
આછી સાલ= નૈનાં=૯= હરિને પાયે પિરોજી રે મોજડી-

તેમાં હીરા જડીતર જડાવ રે =નૈનાં=૧૦= હરિએ પહેરી ઈમ્રતે
અપનપી- હરિને સુરવાલ શોભાસાર =નૈનાં=૧૧= હરિએ
તિલક કર્યાં ત્રિલોકના- ઓખ આજી અલખ નરનાથ =નૈનાં=
૧૨= હરિને કમર કટારી કંઈ જુગતના- પરફુલ પિછોડી સાર-
નૈનાં=૧૩= હરિને ચાર આયુધ ચતુર્ભુજ તણા- શંખ ચક્ર
ગદા પદમ સાર =નૈનાં=૧૪= હરિને બીજી શોભા તોરે અતિ
ઘણી- તેનાં તો લખતાં ના આવે પાર =નૈનાં=૧૫= હરિ
લેશે ખાંડુ મણધાર હાથમા- તે તો નકલંકી કીરતાર =નૈનાં=
૧૬= હરિને અનંત કલા તેજ અતિ ઘણું- સાંમુ કોઈથી નવ
ભેવાય =નૈનાં=૧૭= એવી શોભાએ પરવાને આવસે-
પસમકુંવારીને કાજ =નૈનાં=૧૮= તારે મેંદીને માન તોજહુ
પાસે- રાજ ઋષિઓને અપાય =નૈનાં=૧૯= એવી લીલા રે
તારે અતિ ઘણી- ચાલે વરસ સવા લાખ સાર =નૈનાં=૨૦=
પછી મહાદન આવી ઉભા રહ્યા- તેમાં સરવેનાં સત
ભેવાય =નૈનાં=૨૧= ત્યાં તો ગુનેગારને પુછણાં- રૂડાં ઋષિ

આને દરબાર ધરાય =નૈનો ૨૨= એતો પીર જુહરદીન
બોલીયા- ધોળ ગાય ગજંદર રાય =નૈનો ભરી નરખીએ ૨૩=
શ્રી સતગોર સહેદેવ વાચા:- જેઠ માસનુ બોજુ: જેઠ માસ
આવ્યો રે ભાઈ- દરખીને અંગે ઉલટ ના માય-૧= રોળો કરે
છે અપરંપાર- કાલે મેહુલો આવસે નિરધાર =૨= એવા
મન તમે રાખો આજ- તો સધરશે જીવનાં કાજ =૩= જેણે
રોળો કીધો અપાર- તે નર જીત્યા આ સંસાર =૪= બેસી
રહીને કરસે વાત- તે તો ઘસસે પુરા રે હાથ =૫= જેણે
રોળો કીધો તનતોડ- તેના મનના પહોંતા કોડ =૬= બેસી
રહ્યાંને બગડ્યુ ધાંન- તેને ક્યાંથી સંસારનુ માંન =૭= એ
અકલ તમે રાખો રે આજ- ગનાંને કથી કહે છે મહારાજ=
૮= જેવો કરખી કરસન કરે- તેવાં ધ્યાન મુનિવર ધરે =૯=
દસુંદ પુંભના પાવે રે બીજ- તેની અમરમાં થાસે રે રોધ-૧૦=
આચાર અંગે કરસે જેહ- નિંદામણ કાહાડે રે તેહ =૧૧= એ
શિખામણ કહે છે આજ- પીર જુહરદીન તખે મહારાજ =૧૨=

શ્રી સતગોર સહેદેવ પાસા:- અષાડ માસનુ :- અષાડે
સમરત ઉલટાં - અને અરસના અગાજ - ચેતી ચાલો
મહારા - હવે નવખંડ જયજય કાર =૧= મેઘ વૃષ્ટિ થાય એરલે
દરજ સરવને થાય - પાણી વરસે પાવન થાય - દુનિયામાં
જસ કહેવાય =૨= એવા પ્રેમ કરો મુનિવરો - તમે આવેલા
મહાત્માવ - મન રાખી ખેલસો - તો સુખે અમર ભરસો =૩=
તરણપી વૂરી ગયા - અને ચોથે મળીયાં આજ - આજના
ભૂલ્યા જીવડા - હવે ફરી નહિ આવે દાવ =૪= દક્ષિણા વેળા વહી
ગઈ - અને ફરી આવ્યા તે ફેર - આપનાર ઉઠી ગયા -
પળતી ફાંસી મળ્યા સહુ લોક =૫= એવો સંસાર આજ છે
ને - કહે કાયમ કિરતાર = ઓચિંતુ વરગટ થસે - તારે
પસ્તાવાની ભગ =૬= પેટે પ્રેમ થઈ ખરી - તારે હરખ્યા નર
ને નાર - આવીને અલોપ થયા - તારે મોઈ રહ્યો સંસાર =૭=
આ દુનિયા જૂઠી જાણજો - રહ્યો ઉધારો ઘરવાસ = ભરોસો
નો રાખસો - હવે મુનિવર મારા દાસ =૮= કાલે કળિજુગ

પઈ રહ્યો - અને પુરણ લેવા ભાવ - પરગટ પોલે આપસે
તે આપે જુદરદીન સાહો =૯= પશ્ચિમેથી પરગટ થાસે - અને
ભૂમિ ઉતારે પાર - કાળિંગાને છેદસે તે - આપે નરકીરતાર =૧૦=
સૈન્ય મળસે એકઠો - અને સામા સામી અપાર - તેનો
સંક્ષેપ કર્યો નવ જાય =૧૧= મહાદળ આવે દોડતા - જેમ પૂર
પાણી જેહ - એવો રાળે આપસે - પીરા તેમા નહીં સંદેહ =૧૨=
કોઈક ભણે વારતા - કોઈ ઉંઘે એળે જાય - જે આળસુ ભક્તિ
તણાં - તે ભૂલી ગયા ભંકાર =૧૩= દેવ દરસણ નવ કર્યા -
અને નેહના રાખ્યા સાર - આળસ કરી અળગા રહ્યા -
તેને ભૂલ્યા ની છે ભગ =૧૪= નિત્યે દરસણ નેહે કરી - અને
ચૂક્યા નહીં એકપાર - તે મુનિવર ભણસે - મધરાતના
સમાર =૧૫= એ હકીકત અવનવો - અને લખી કહે કીરતાર
ચેતનહારા ચેતી ચેતજો - હવે વાર નહીં લગાર =૧૬= પીર
જુદરદીન બોલીયા - અરસના અવાજ - કાલે કાલે
સમજાવીયા - હવે ચેતો ચેતનહારા =૧૭=

શ્રી સતગોર સહદેવ વાચા: શ્રાવણ માસનુ: શ્રાવણ માસની
વાત- સંક્ષેપે સાંભળો રે:૧:શીલ કરો તો આજ- મુનિવર
મન ધરો રે:૨: સઘળાં મળ્યા છે વિચાર- દપે તે તો નિત
કરો રે:૩: રધ વડી આલાની સાર- લેવાનું મન ધરો રે:૪:
શ્રાવણ સારો માસ- તેમાં તો પુણ્ય કરો રે:૫: લાલચ મેલોને
જાપ- તેમાં તો ધ્યાન ધરો રે:૬: સરવ દુનિયાના મહીમાય-
મુનિવર તે તો કરો રે:૭: તમે શ્રાવણ માસ માંહે - નીમાજ
રોજ કરો રે:૮: પુણ્ય પદારથ સાર - તેમાં તો સરવે કરો
રે:૯: ભજન સ્મરણ દન- જુદરદીન બોલવે રે:૧૦: તે તો
એક મન- ત્રિભોવન તારવે રે:૧૧: બોલે ભાવે નવી વાત
ભ્રમ ના રાખસો રે:૧૨: વ્રત વિના વીરા પાડ- પીડલ કેમ
રાખસે રે:૧૩: દરસણ કણ સાર- કાયમજી કરી વળ્યા રે:૧૪:
જેતર રાખો પાડ તો - પિયુજી સત વેળા રે:૧૫: ભજન
વેળાના ભાર - ઉપાડી જે પાર પડ્યાં રે:૧૬: બોલ્યા જુદરદીન
સાર કે- અમને તે તો મળ્યા રે:૧૭: ગનાનના ઝાલ્યા સવાલ

કે - માંહી જેપા માગ્યા રે =૯= શ્રી સતગોર સરેદેવ પાયા:

ભાદરવા માસનુ:- ભાદરવાની વાતો વીરા સાંભળો રે-

ગર્જના તો કરી છે અપાર =આંચલી= અરજો દન ઉલરાં

રે=૧= ગાજે વીજે રે ગુણવંત ગનાંન માંરે- મેઘ મંડળ મંન

ના થાય=અરજી =૨= ચ્યારે દેશે રે વાવલીયા વાઈઆ રે-

તાપ તો તપે છે લેલાર =અરજી=૩= સોલ કળાંના

ઉગ્યા સોભતા રે- અનંત રૂપ અલખ કીરતાર =અરજી=૪=

પશ્ચિમેથી ચીયાણે આવસે રે- મુલસ્થાંને દેશે મુકામ=

અરજી=૫= પરછંદા વાગે પેરપેરના રે- ત્રણભુવનને

તંબાલુના નાદ =અરજી=૬= ગુર્જરખંડમા ગરકાવ પુરા

પસે રે- જેની જગે માંડ્યા છે મંડાણ =અરજી=૭= પરભા

તો આજ પરિબ્રહ્મ તણો રે- ચાલે છે ગત ગંગાના સાર=

=અરજી=૮= તેઈમાં તો તજવીજ જે રાખસે રે- તે તો

ચાસે સેનાનાં સરદાર =અરજી=૯= મીઠાં વચન રે પાળ્યા

મહાવના રે- ગુણ ઝાલ્યા માટે જેપા સાર =અરજી=૧૦=

તેવા રૂખેસર આજ- અમને ઘણા ગમે રે- તેની ઉપર મહેર
ધણી મહારાજ =અરબી=૧૧= પીર સુદરદીન બોલ્યા એમે
કરીરે- પરગારી આવ્યા છે નિરધાર = અરબી =૧૨=

શ્રી સતગોર સહદેવવાચા:- આસો માસજ: આસો સે તો
અમૃતવાંણી- અંતરીખની થાય રે- ઉજીમ દપારે સરપ સાથ
ને જી =૧= દશેરા તો દીલથી કરીએ- દીપ ઓચ્છવ દિવાળી
રે- તો કરીએ કાયમ સાચે કર ધરીજી= ૨= હરખ સાચે
આદર કરીએ- જેમ દિવાળી દંન રે- એવા પ્રેમ રાખી
ખેલીએજી =૩= પ્રેમ વિના તો મીલો નહી- નહીં આદરને
માન રે- નહિ નરખ્યા રે નયણે નાથને જી=૪= આસોના
ઓરતા રે- કહીને રહેસે મન રે- અને દંન દિવાળીના
મહાલીયાજી =૫= કંઈક કરસે પસતાવા મનમા- સાંમી
વિના સુખ નહીં રે- દુનિયાં દોલત છે એ કારમાજી =૬= જેમ
દિવાળી દંન વહી જસે- પછી તે પસતાસે રે- એમ દેવ
ના મલીયા તો દોલત વરી ગઈ જી =૭= પછી જુવો રે

વાત વિચારો- આગમનુ ધારોરે- તો હાજર ઓળખીને
પીંડજ પાળીયેજી=૮= પીંડજ કાયા કારમી રે- તે પડતાં
નહીં લાગે વારરે- કાલ કર્યા રે કાયમ ઓળખીજી=૯=
કાલ કહેતાં કાળ આવે- આજ તો અપારરે- શુધ્ધ કરો
રે સાબૂત સીર લગીજી=૧૦= આ ઘરમા વાસ તારો-
તાંહ સુધી સંસારરે- વખતી રહેજે રે વીરા વેગળાંજી=૧૧=
માટે તમે આજ એ તો- ખોરે ના રાચે રે- રંગ પતંગ જેતાં
જલી જસેજી=૧૨= ચોલ મજીઠના ચેહેન અમારા- જે રંગે
રસ ભરતા રે- તે ઉતરી ના ભયે અનંત જુગ લગીજી=૧૩=
પતંગ કસુંબા કલજુગ કેરાં- તે રંગ દુનિયા કેરાં રે- તે
ઉતરી ભયે રે અલ્પ આ સમેજી=૧૪= ચાલ મજીઠના જેને
લાગ્યા- તે જઈ પેઠા આઘારે- તે વૈકુંઠ પહોંચ્યાને
દીધા વધામણાજી=૧૫= અમને મળીયા આજ વેળા-
તેને દીધા ભેલા રે- જ્યાં સાપ મળ્યો છે દેવલોકનોજી=૧૬=
એમ કરતાં એક સમે રે- તે સરવે આપે આંહી રે- તે તો

દહાડો રે નજરે દેખશો જી =૧૭= એવી વાતો આજ કહે
છે- નાથ નરહર પોતે રે- સરવને દેખાડું હાજર પારખાં
જી =૧૮= ઘોળ બોલ્યા ઘીરા રહીને- પીર બુદરદીન નાથ
રે- ગર્જનાએ ગજંદર ડોલીયા જી =૧૯=

શ્રી સતગોર સહેદેવ પાયાઃ- શુક્રવારના ગનાંન લખ્યા છે
જી સુણો મેરા બંદા ને કહ્યા મારા કીજીએ- અમર કરાં
લ્હાણ લીજીએ (લાભ) કરકર બંદા કહ્યા અમારા- હું
કહું તુજ કારણે- શુક્રવારની સહાયના સમજે- વસવું
અમર બારણે =૧= માળા કરજે મોહ ભરીને- સવાસો
તસબી તે ફેરને- સવા રૂપિયો પુજ દેજે- ગામ દીઠ માંગુ
તમ કને =૨= એ સહાયના છે અમ તણીને- જે કોઈ
કરસે દલ ધરી- નિત્ય શુક્રવારે તમે કરજે દુઃખ નહિ
આવે ફરી ફરી =૩= દુનિયાં કેરાં દુઃખ જસે ને- દેવને
વળી સુખ થસે- કહ્યાં અમારા જે કોઈ કરસે- મોરા
તબો તેને હસે =૪= ખોજા હમારા ખોજ કરીને- અમને

જોગી કાઢીયા- દસુંદ દીધીને વાચા પાળી- તેને અમે
તારીયાં =૫= કાચા ઈમાંનો ને કમર ભાંગી -બીજને
વળી બંધ કરે- સાલાં પોલાં મનમાં શુ ભણે તે -
આગળ જતાં કેમ તરે =૬= સતને નાપે બેસવુ પવન
પાણી વિના ગગન ચઢે- અસત્યની જો આંચ લાગે-
ઉપરથી હેઠાં પડે =૭= માટે ઘોર અંધારા ટાળીયેને-
દીપક દલમા કીજીએ- સતગોર કેરા ક્યા કરીને- અમર
ફળ તો લીજીએ =૮= અમરફળ છે અરસમાંને- વરખ
તો વસમા ઘણા- તે લેવાને તમે બેઠા- ઝેરનાં ગયા
તમ તણા =૯= ઝેરના તો ઝંડા રોપ્યા જેમ- બુધ્ધ વિશે
ઝરકા પડે- આજ અમરફળમાં વિખ ભેળવ્યાં- તે
દર્શાહણ શિવને નડ્યા =૧૦= દેવ દાનવના રોષ માંટે
ભોગવ્યા શિવે સહી- આજ અમરફળમા વિખ ભેળ્યા
તે ભોગવવા અમને અહીં =૧૧= તે માટે આજ કહું છુ
ગનાંને ક્યા હમારા જો કરો- જકર ભજનની પાળ

બાંધો - કંઈક દલમા આસરો =૧૨= કહે બુદરદીન સત
વાલો - ઝેર સઘળાં રાખીયે - સતગોર કેરાં કહ્યાં કરીને -
પખડાં સરવે વારીસે =૧૩= શ્રી સતગોર સહદેવ પાયા:
(૭) પીરાજી વિનતી માંનો અમારી - માંનો અમારી - તો
લાજ રહેસે રે તમારી જી =૧= માયા કરો તમે મિજલસ
મળી - મિજલસ મળી - તો શુક્રવારની સહાયના જી =૨=
નિત્ય ઉઠી તમે કહો છો રે અમને - કહો છો રે અમને - તો
સ્વામી દુઃખ દે અમને અપાર જી =૩= તેરે માટે તમને
એરે ફરમાવ્યાં - એ રે ફરમાવ્યાં - તો કરશો તો કારજ
સિધે જી =૪= હમ સર દુઃખડા તે પડી ભસે - તે પડી ભસે -
તો પડતી તો બ્રાંણ બખાશે જી =૫= ગત મળી તમે
કમર બાંધો - કમર બાંધો - તો એરે વચન તમે સાંધો જી =૬=
જેકરે જલાપા દૂર પલાસે - દૂર પલાસે - તો અગ્નિ તો ટાઢી
થાસે જી =૭= નમી નમી કરજો નિરપખ પહોંને - નિરપખ
પહોંને - તો મનમાં તો મેલ નાં રાખો જી =૮= મેલ રાખીજે

કોઈ મળસે મોરાદી- મળસે મોરાદી- તો તેની કરણી
તો કાજે જાદીજી =૯= જેમ હરણ સિંહ એક નારે ચરે છે-
એક નારે ચરે છે- તો કોઈ કોઈને પિખ નહીં લગારજી =૧૦=
એવા થઈ તમે મિજલસ મળજો- મિજલસ મળજો- તો
સ્વામીજી તમ પર રાજે જી =૧૧= મિજલમ મેળાં કઈ પેર
મળીએ- કઈ પેર મળીયે- તો ગુણ અવગુણ તાજ કરીને
જી =૧૨= મધ્યાને માળા ફરી પરવારો- ફરી પરવારો-તો
દેવ જુગલ કરીને જમાડો જી =૧૩= પોતે તરપત થઈને
આશિષ દેસે- આશિષ દેસે- દેવ દુનિયોના દુઃખડાં
ટળસેજી =૧૪= ભજન કરો તમે મહેરો જો માંગો- મહેરો
જો માંગો- તો રહેમત રહેમોની પાસેજી =૧૫= બોલ્યા
નુર દીન આપ સવાઈ- આપ સવાઈ- તો દુનિયામાં
કરીશુ નવાઈજી =૧૬=

શ્રી સતગોર સદેદેવપાયા=(૩) હવે ધરમી ધરમની ઢાલ
દેવી કરવી રે =૧= હવે ખેતર પાછળ પાડ સારી ભરવી રે =

એ ગોરેનું છે ફરમાન તે તો ફરજુ રે =૩= એ ઘેમર ઘરની
પાલ કોઈના ભણે રે =૪= એ ફરમાવે મહારાજ અવસર ટાંણે
રે =૫= નમો નમો કરો નરનાર શાહના સંગી રે =૬= જે
નહીં કરે નરનાર દુનિયા રંગી રે =૭= નિત્ય શુકવારે સહુ
મેળા મળજે રે =૮= સવાસો માળાનું ફરમાન-તે દિન
(૧૨૫)
કરજે રે =૯= સૌ ગામો ગામના યાર મેળા મળજે રે =૧૦=
સવા રૂપિયો પૂજ ગામદીઠ મૂકજે રે =૧૧= એ સૌને છે
ફરમાન નુરદીન કહે છે રે =૧૨= જે નહીં કરે નરનાર.
સંતાપ તેને રે =૧૩= જે દેવ દુનિયાંનો ભાર-તે શીર
પડસે રે =૧૪= જેનાથી ના અવાય-તે ઘેર બેઠાં કરજે રે =૧૫=
પણ શુકવારનો દિન તે દિન કરજે રે =૧૬= એ માળાનો મુકામ
મધ્યાંને કરવો રે =૧૭= પછી દેવ કરો કરજોડી મહેરો મળશે
રે =૧૮= એ જકર ભજનની વાત દલમાં જાગો રે =૧૯=
નુરદીન બોલ્યા દેવ કરું ભાગો રે =૨૦= નિત્ય શુકવારે
સૌ એવાં જાગો રે =૨૧=

શ્રી સતગોર સહેદેપ વાચા:-(૪) કાયમના હવે વારા આવ્યા
તેનાં સુણોને વિચાર- મુલકમાં ક્ષય રોગ લાગ્યો- મેંહદી
પસારા ભગ્યા- ઓચલો- વેળા વાઘણ છે પહેલાલ=૧=
સ્વપન વિના થાકી બસો- કોની કરશો બેલ- બેલ તો હવે
છેલ્લો વેળા- પાવો અમરમા ભેળ=વેળા=૨= સાવ મળ્યો
સહુ દેવનો રે- સરવે તત્પર થાય- અહોરાત્રી આવસે રે-
તેમા તમને જોવુ સાચ=વેળા=૩= શુક્રવારે મધના-
મેળા- સરવે કરોને જમાત- માળા જપનમા હોંશિયાર
રહેજો- કરજો દેવના દરસણ=વેળા=૪= અહોરાત્રી ભગજો રે
માળા કરજો નિત નિત- મેલામાં હવે પરપરે- શાહોના
દળ અપાર=વેળાં=૫= નુર જહુરની વેળા રે થાસે- ત્યારે
કંઈક પસ્તાય- અસવારી તો વાટે રે ચાલી- કોની લેશો
હવે તાણી=વેળાં=૬= સુજ પડે તો ચેતીને રહેજો- છેલ્લો
કહું છુ કાલ- થાનક રાખી નિંદ્રા રે કરજો- પાસે સ્વપ્નાં
નો પેઠ=વેળાં=૭= ઉંઘ્યા અધોરી આળસુ રે- તે શું ભણે

વાત- પારે લશ્કર ચાલીયા રે- પછી ખાધી મોરી ઘાત=
વેળાં=૮= ઘાત પસની હોથ્યલીરે- કેમ કરો ભાંગે પાર-
મેળાવો પૂરે હોથ્યલે પાસે- તેનાં ભાગ્યા બંધ=વેળાં=૯=
એવા ચાલંતર હવે રે પાસે- પાસે મહંમદના રાજ- રાજ
તો ઋષિઓને અપાવુ- એવો ચલાવુ કામ=વેળાં=૧૦=
બોલ્યા બાદરશાહ વિનવુ રે- હવે ભાંગુ મોરી ચોન-
કમળાકુંવરને હીમજુર લાવુ- લશ્કર આવે અણમાં પૂર=
વેળા=૧૧= શ્રી સતગોર સરેદેપ પાયા (૫) હોંસ કરીને
ગોપીઓ રમતા રાસજો- તેવી રે હોંસો રે તમે આજ
કરો રે લોલ=૧= તેવી રાતે તમે કરો તો સાર જો- આ
અવસરમા રમોયે- ભક્તિ ભાવસુ રે લોલ=૨= ત્રિકમને
તો તપીયા વહાલા આજ જો- જેવી ગોપીઓ વહાલી રે
ગોકુળ ગામની રે લોલ=૩= જુદર તો છે ભક્તને આધીન
જો- જેણે માણાઓ કરો રે છોડ્યુ (ડ) વખતની રે લોલ=૪=
શુકપારે સુતા નહીં લગારજો- જપ તપ કરીને સ્વામીને

રોઝવોરે લોલ=૫= રૂડી રાતે દેવ કરો તો સારજો- પર
સાદી રાંધો રે પૂરણ પ્રેમ સુ રે લોલ=૬= જમવા આવે
શામળિયો સૌ સાધ જો- અમો ભાકિતનાભોગી રે આદ
અંતના રે લોલ=૭= પાચ વરસના ધ્રુવજી નાના બાળ
જો- તપને ગયા રે વનમા એકલા રે લોલ=૮= તે મારે
તેમને આપ્યા અવિચળ રાજ જો- તે તોને પખતો રે આ
સંસારમા રે લોલ=૯= તે વેળા તો સતના હતા દિન જો-
આજની વેળાઓ વસમો જાણજો રે લોલ=૧૦= તે મારે
હું કહું છુ તમારે કાજ જો- સમજુને સ્મરણ કરીયે શ્યામ
ના રે લોલ=૧૧= તેવી અમારે અંતર નહિ લગાર જો-
જેવી રામ અવતારે જોડી લક્ષ્મણ વીરની રે લોલ=૧૨=
એવાં તમને કરવા છે આ દિન જો- જો સ્મરણ કરો તો
લક્ષ્મણ વીરતા રે લોલ=૧૩= હવે તમને તારૂં નિશ્ચે આજ
જો- મધની માળા રે તમે મન ધરો રે લોલ=૧૪= હવે અમને
વાર નહીં લગાર જો- ગોવિંદની ગુંજે રે જાણો સમરોએ

રે લોલ =૧૫= ભણે બુદરદીન બર દરિયામાં આજ બે-
બે સ્મરણ કરીને ચાપો સરૂખરા રે લોલ =૧૬=
શ્રી સતગોર સહેદેવ પાયાઃ-(૬) કાયમજીના ક્યાં કરોએ
બુદજી ખાવંદ રાજે રે- મુસીબત મુશ્કલ મૌલા દૂર કરે જી=૧=
મૌલાજીના બોલ સંભાળો- મુમિવર મારા ભાઈ રે- જીકરે
તો ફકર ફતુર દૂર થશે જી=૨= ગફલતી ગાફેલના રહેશો-
પચન પહેલાં ના મેલો રે =ઘેલા થઈને ઘર ભાળો જી =૩=
નામ તમારા ત્યાં લખાસે- કળજુગ કેરા કાસરે- જીકર માંડી
છે બેવા ત્યાં જઈએ જી=૪= દેવ સરવે બેવા આવે- કોણ
કોણ દેવની સાથે રે- અનંત આગમના તે તો આપશે જી=૫=
એ તો આદ કરણ કેરાં- સુરિનર મુનિવર દેવ રે-
સમરણ વેળાએ આવી સમરથ થસે જી=૬= પછી કલફ
કેરા દેવ આવે- ભખાં નપાણું કરોડી રે- છપ્પન કરોડી
મેઘા આવસે જી=૭= કીન્નર કરોડી બત્રીસ આવે-તેત્રીસ
કરોડી દેવ રે- મેળે આવીને મદદ તે કરે જી=૮= ચારે

જુગના તે પછી આવે- કર્તા જુગના જેહ રે- પાંચ કરોડી
પરલાદ આવશેજી =૯= ત્રેતાજુગના હરિશ્ચંદ રાજા -સાત
કરોડી સાથે રે- તે તો આવીને મદદ કરસે મોહ ભરીજી =૧૦=
દ્વાપર જુગના પાંચે પાંડવ- નવ કરોડી સાથ રે- તે તો
આવીને મહેરો માગસે જી =૧૧= પછી કળજુગ કેરા બાર
કરોડી- પીર સુદરદીન સાથે રે- તે તો આવીને મહેરો
માગસે જી =૧૨= દુઃખ ટાળો રે દેવ દુનિયાના- સ્વામીજી
સરદાર રે- મેળા મળસે ત્યાં સર્વે આવસે જી =૧૩= પછી
સાત સાહેર નવસો નવ્વાણું- સરીતા છે જે આદ રે-
સમરણ પેખાસે તે તો આવસે જી =૧૪= પછી અડસઠ
તીરથ ગોરને ચરણે- આવી બેઠા જેહ રે- મેળા મળ્યાની
મરસત રાખસે જી =૧૫= કમળાકુંવર સર ભરણ ભરાસે-
તે તો સમરે ત્યાંહ રે- તે વિનંતી કરીને મહેરો માગસે જી =૧૬=
તે માટે તમે મેળા મળજો- શુક્રવારને દન રે- સૌની
ફરિયાદ પોતે સાંભળે જી =૧૭= આઠ દહાડે મેળા મળજો-

સૌને છે ફરમાન રે- ભુગત કરોને જ્યાકા તોડજો જી:૧૮:
બોલ્યા રે જુહરદીન બાદશા- ફરમાંની રહેમાની રે- હરામી
તો હારી જસે આ સમે જી:૧૯:હદ નહીં પાળેને હાંસી
કરસે- તે સોર કરેર રચાસે રે- જુહરદીન બોલ્યા એ તો
બણ કરો જી:૨૦: પીર સતગોર સદરદીન પાયા:- (૭) ચુકપાર
પ્રત કરવા વિષેનું ગનાંન:- સુણો મુનિવર સમસેર કહે છે-
બેખા વસ્તી આવેરે- ધરમે રહેજો રે ધરમી માયરાજી:૧:
ધરમ ચૂકયાને ધાડા આવે- સેતાન ભેલે સાર રે- દુ:ખડા
પડેને દળીદર આપસે જી:૨: તે માટે તમે ભજન કરજો-
એક મને નરનાર રે- ભજનેથી ભવસાગર તરી જશો
જી:૩: ભજન વિના તો ભેલ પડસે- જેમ વાડ વિના
ખેતર રે- આજ ભેલ પડી રે ધરમ મારગે જી:૪: ક્રિયા
હીણા આજ થયા છે- માને નહીં લગાર રે- બારે વારે રે
ચાલ્યા બાવરા જી:૫: નાના ને વળી મોટા કહીએ- ડાહ્યા
ડમરા આજ રે- વચન ઉવેખી રહ્યા આ સમે જી:૬: આપ

મતે કેપા ચાલે- મોને નહીં લગાર રે- દસુંદ પુંજ અરકાવી
બેઠા રહ્યા સમે જી=૭= શુક્રવારને બીજ કરીએ- તેડાં આવે
તેહ રે- તે તો મેલીને રહ્યા પેગમાં જી= મુખીને મુસાફર
કરીએ- તે પણ મુકી બેઠા રે- કોને કહું રે ધરમની પાલડી
જી=૯= જમાત જેને હાથે સોંપી- તે પણ ગળીયા થયા રે-
કોની આગળ કહીએ પાલડી જી=૧૦= ધરમી મોરા નામ
ધરાવ્યા- જગત જાણે પાલ રે- પણ સતપંથની જાણે નહીં
પાલડી જી=૧૧= તેથી દુઃખ દોડી આવે- ફેર આવી ઉભાં
રે- રસકસ રે સરવે ચોરાઈ ગયા જી=૧૨= સરિતા તો ખાલી
વહે છે- જેવો કોરો કુંભ રે- નદીને નવાણ આજ ખાલી
થયા જી=૧૩= મેઘ તો વળી મોંઘા થયા- અરકી બેઠાં
આજ રે- તોયે ના સમજ્યા મારા વીરલા જી=૧૪= તે
માટે આજ તમને કહીએ- ભજન કરો ભરપૂર રે- અમારે
લઈ જવા અમર ધામમાં જી=૧૫= આગળ ધરમી કેવાં
કહીએ- કેવાં કીધા કસ રે- ધરમને કાજે કેવા દુઃખ સહ્યાં

જી=૧૬= હરિચંદ કેરી વાતો સુણીયે- તારા સતી નાર રે
કુંવર કહીએ રોહિતદાસ સહી જી=૧૭= સતને માટે વેચાયા- પરઘેર ભરીયાં પાણી રે- તોયે સત તેમને નવ
છોડીયા જી=૧૮= આજ ધરમી એવા નહી- પકડી જ્યારે આવે
રે- ઓસરીને ગયા નર આ સમે જી=૧૯= બોલ્યા રે
બાવક શાહ બણીયા- ગનાંન સુણોને આજ રે- વેદભેદ
રે કહી વાતડી જી=૨૦= ઢોળિયો = વેદ તો કહુ વાતડી રે- વેદ
તો કહુ વાતડી- સમજેને સચિયાર રે- સમજેને સચિયાર=૧=
કોલ તણાં જુઠા પયા રે- કોલ તણા જુઠા પયા- પહેલા મેલ્યા
કોલ રે- પહેલાં મેલ્યા કોલ =૨= નવ માસ તો લુ રહ્યો રે-
નવ માસ તો લુ રહ્યો- માના ઓદર માંહે રે- માના ઓદર
માંહી =૩= તસ્દી તુજને જહુ પડી રે- તસ્દી તુજને જહુ પડી-
સમર્યા શ્રી ભગવાન રે- સમર્યા શ્રી ભગવાન =૪= સ્વામી મુજ
ને છોડીએ રે- સ્વામી મુજને છોડીએ- ધરીયે તમારૂં ધ્યાન રે-
ધરીયે તમારૂં ધ્યાન =૫= અરજી પિછણીએ સાંભળી રે- અરજી

વિષ્ણુએ સાંભળી - કઢ્યો ઓદરથી બહાર રે - કઢિયો
ઓદરથી બહાર =૬= માયા તો પળગી પડી રે - માયા તો
પળગી પડી - માતા પિતાની તાંય રે - માત પિતાની તાંય =૭=
માતા પિતાના લાડમાં રે - માતાપિતાના લાડમાં - બાળપણ
વહી ભય રે - બાળપણ વહી ભય =૮= પાંચ સાલ એમ વહી
ગયા રે - પાંચ સાલ એમ વહી ગયા - બાળપણાં ના દિન રે -
બાળપણાં ના દિન =૯= તેમાં તુ ભૂલી ગયો રે તેમાં તુ ભૂલી ગયો -
ભૂલી ગયો ભગવાન રે - ભૂલી ગયો ભગવાન =૧૦= પછી
જોબન આવિયુ રે = પછી જોબન આવિયુ - નારીથી લાગ્યો
નેહ રે - નારીથી લાગ્યો નેહ =૧૧= તેમાં પણ ભૂલી ગયો રે -
તેમાં પણ ભૂલી ગયો - ગર્ભ વાસના કોલ રે - ગર્ભવાસના કોલ =૧૨=
પ્રલ તો કીધાં નહીં રે - પ્રલ તો કીધાં નહીં - વાંરા કેરો જેહ રે -
વાંરા કેરો જેહ =૧૩= શુક્રવાર સાધ્યા નહીં રે - શુક્રવાર સાધ્યા
નહીં - પહેલા મેલ્યા આજ રે - પહેલા મેલ્યા આજ =૧૪= તેથી
સંકટ આવતા રે - તેથી સંકટ આવતા - મારે કહું છુ આજ

realpatidar.com

રે- મારે કહું છુ આજ =૧૫= શુકવાર જ્યારે આવે સહીરે-
શુકવાર જ્યારે આવે સહી=વ્રત કરજો વીરરે- વ્રત કરજો
પીર =૧૬= સરધા દીનનુ કીજીએ રે- સરધા દીનનુ કીજીએ-
તેનાં ફળ અપાર રે- તેનાં ફળ અપાર =૧૭= દેવ જુગત જ્યાં
હોય સહીરે -દેવ જુગત જ્યાં હોય સહી- દેવે ભયુ વીરરે-દેવે
ભયુ પીર =૧૮= દેવજુગત તો લીજીએ રે- દેવ જુગત તો લીજી
એ- લઈને ખોલો વ્રત રે- લઈને ખોલો વ્રત=૧૯= દેવ જુગત
જ્યાં હોય નહીં રે- દેવ જુગત જ્યાં હોય નહીં- તેની બતાવુ પેર
રે- તેની બતાવુ પેર =૨૦= ચરણામૃત ઘેર કીજીએ રે- ચરણા
મૃત ઘેર કીજીએ- લઈને ખોલો વ્રતરે -લઈને ખોલો વ્રત=૨૧=
તેનાં ફળ અતિ ઘણાંરે- તેના ફળ અતિ ઘણાં- અડધા દીનના
આજ રે- અડધા દીનના આજ=૨૨=બીજ ને શુક સહીરે- બીજને
શુક સહી- બેઠો કળજુગ માંણ રે- બેઠો કળજુગ માંણ=૨૩=તેથી
તેનું મહાતપ છે રે- તેથી તેનુ મહાતપ છે- શુક ગુરૂનુ આજ
છે રે- શુક ગુરૂનુ આજ=૨૪= તે તમને ઊગારસે રે- તે

તમને ઉગારસે- કળજુગથી નિરધાર- કળજુગથી નિરધાર=૪=
બાબકશાહ નર બોલીયા રે- બાબકશાહ નર બોલીયા-
વેદે કહી વાત રે -વેદે કહી વાત=૨૬= જેના સંચા સાચ છે રે-
જેના સંચા સાચ છે- તે માંને નિરધાર રે- તે માંને નિરધાર=૨૭=
શ્રી સતગોર સહેદેવ વાયાઃ-(૬) જુવો ભાઈઓ ભગતો
તમને ગોરનર કહે છે સત ધણી- વેદો વેદોના વાજ
વાગ્યા- સૌ દેવ થયા છે તમ ભણી=૧= સૌ મળી તમે
ભજન કરજો- આવી અગનને વારીયે- જકર પાણી સીંચી
એ તો અગન ટાઢી પાડીએ=૨= જેમ ઈબ્રાહીમ ઉગાર્યા-
અગનથી ને અગન તો ભેદી નહી- એવા તમને ઉગારસુ
રે- જકર કરસો એ સહી=૩= સાચા માળી જેણે જકર કીધી
જરે ઈમાંને સેવીયા- નમરૂદ કેરો જેરી કારણ- પોતે ત્યો
તો આપીયા=૪= જેમ ઈબ્રાહીમ પાસે ચાલી આવ્યા-
અગનમાં તે ચાલીયા- તેમને અગ્નિ ટાઢી કીધી- જરે
ઈમાંને પકાવીયા=૫= એવા જરે દલે મળો મેળા- પોતે

તો પુષ્ટિ કરે- અમીની નજરે નુર ઝરે ને -દુઃખના દરિયા
દૂર કરે =૬= સાલો પોતાં નપ કીજીએ ને- સાલો ના ધરીયે
આ સમે- મક્કમ થઈને મિજલસ મળજે- એ પાલો ગોર
ને ગમે =૭= એમ કરતાં જે ઢીલુ નાડે તેનું ગાંડુ તો ઘોંચે
પડે- તે કેમ કરતા બહાર ના નિસરે- નયનેમાં પાણી
ચઢે =૮= તે માટે તમે તક સાધો- તક છે તરવા તણી- તે
માટે હું તમને કહુ છુ- ગનાંન સહુને જાણ કરી =૯=
યખીતર છે ચર્લુજુગના- ક્યાં તો પની કીજીએ- મન
ની મોરાદો મરી જસે- રજે કોડી દીજીએ =૧૦= બોલ્યા
જુદરદીન બાર સદીના યાર એવું ના ધારીયે- સતગોર
નાં વચન શીર ધરીને- બૂડતાંને તારીયે =૧૧=

શ્રી સતગોર સહેદવપાયા:-(૯) સતગોર સાહેબ એક
હૈ- નહી દુજા કોઈ- નવે ખંડ આપે રામ- આપે નિરંજન
સોહી- સુણો મુનિવર સાર ગીતા- વેદે લાવ્યા રે વિસ્તાર
ગનાંને ગુંજે બતાવીયા- ભાઈ તે તો કર્યા નિસ્તાર =૧૨=

પેળા આવો હવે દોહ્યલો· ધરમી ધરમેને ધ્યાંન- મહંમદ
મેંદીના પારા આવ્યા- હવે જગેરે કિરતાર =૩= હલાહલ
પેળા આવી જની - ત્યારે તમને ફરમાવ્યુ એહ - મધે સમે
તમે માળા ફરજો - સાડત્રીસ માળા લેહ=૪=આફીયત આવી
હવે જેરમાં - તે તો દૂર નહીં થાય = ધરમોને આંચ નહિ
આવે - દુનિયા ઉંઠી ભય =૫= ત્રાહ્ય ત્રાહ્ય પોકારે સૌ
મેદની- હાહાકાર અપાર - ખલક સૌ ખળભળે - દુનિયાંને
સંતાપ =૬= એવા દંન હવે આવીયા- જે જે મુનિવર ભાઈ-
સહાયના તમે કરસો તો- પેળા નડસે નહી=૭= વળી
બીજુ તમને કહુ - તેનાં સુણોને વિચાર- એક માસમાં એક
દન કરીએ - પહેલો શુક્વાર નિરધાર=૮= શુક્વારે તમે
મેળા મળજો- મધ નિશાએ એહ - દેવે તો સરવે ને ભલુ-
એક માસ કરીએ તેહ=૯= નરનારી સરવે જજો-ગતમા નહી
ભય- સહેલ વાતમાં હારી જસો· તો આગળ મારગ વસમાં
થાય =૧૦= બોલ્યા નુરદીન સાંભળો- તમને કહ્યાં

વિસ્તાર - માંનીને જે શીર ચઢાવે - તેનાં છે નિસ્તાર =૧૪=
શ્રી સતગોર સહેદેવ બાવા:- મધનુ ગનાન - મધ નિશા સમે રે -
ભગી સમરો શ્રી કિરતાર =૧= રૂપહૃદય ધરો રે જેવો દીઠો
દેવ મોરાર =૨= મન તન એકસું રે જપીયે જુગજીવન
કિરતાર =૩= મુનિવર માયરા રે - મળી મળી પીધો અમરત
નુર =૪= નુરનર નામના રે - તે તો હેતે જપો રે ભરપૂર =૫=
સમરો શ્યામને રે - આજ ફલ વેળા રે આનંદ =૬= જગરે
ભગીયે રે - આજ દીન અવસર છે આનંદ =૭= નિંદ નવ કીજીએ
રે - સુખ શુ સૂઈએ રે ન ચંત =૮= લ્હાણ અપાર છે રે -
ભગો વીરા મારા ચંત =૯= પાપ સઘળા જસે રે - કોટિ કોટિ
તે અનંત =૧૦= તે કેમ વિસારીયે રે - મુરખ આળસ કરીને
અંધ =૧૧= ભજો ભગવાનને રે - તજો બીજી આળ-
પંપાળ =૧૨= કુચલી જપ લહો રે - ભગી સમરો દેવધ્યાન =૧૩=
વેળા અપરની રે - મધ માયાનો વહેવાર =૧૪= એક મના
થઈ રે જપીયે જુગજીવન કીરતાર =૧૫= નુરદીન બોલીયા રે -

તમેને મન તણો અભિમાન =૧૯=

શ્રી સતગોર સહેદેવપાયાઃ- પ્રભાતિયાં લખ્યા છે (૧)

જાગોને તમે જાગણહારા -હુવારે પ્રભાત તો- સુરજ ઉગ્યાને
સુ સુઈ રહ્યા રે =૧= જાગીને પાપિતર પહીને- સમરો રૂડા
રામ તો- ધ્યાંન ધરો રે ધણીગોધણી તણાં રે =૨= દાતણ
પાણી- શૌચ પાણી - નહાવુ નિત્ય પહેવાર તો- ચોખ્ખાં
પહીને સમરણ કીજીએ રે =૩= દેવ દર્શન દેવ પુંજા કરીયે
મન ભાવે તો- પ્રસાદી તો સંપત માત્ર લખાવીયે રે =૪=
ભણે રે અમીરસ પાણી- જુદરદોન કીરતાર તો- પહોંચાં
પાયાનાં પરભાતીયાં રે =૫=

શ્રી સતગોર સહેદેવપાયાઃ-(૨) સુણો મુનિવર સાચી વાતો
પચ્ચત વેળા સુ સૂતા તો- દેવ પજતે દખીદર દૂર કરો રે =૧=
રાત ઝટઘડી હોય જ્યારે- ત્યારે હુરાં આવે તો- નુરનાં
કચોલાં ભરી લાવતાં રે =૨= જેનાં સ્વામી સ્મરણ
કરતાં તેને હરખ ના માયતા- હેત કરીને તે પર

હોળતાં રે =૩= હરખ ભરીને આશિષ દેતા - પૈકુંઠ પેસાં
આવો તો - તમારી કમાઈના ફળ ભોગવો રે =૪= રિદ્ધિ
સમૃદ્ધિ રળી સમજ્યા છો - છો એ વખત ફરમાંન તો - જપ
તપ દાંન સરવે પુરા કરો રે =૫= તે તો સરવે ત્યાં લખાસે
કરમ ધરમ પ્રમાણે તો - મધ નિશાએ ત્યાં તો તે સમે રે =૬=
અઘોરીને આળસુને ફીકર નહીં ફળ વેળા તો - તેમની દુરાં
તો પાછા ફરી જસે રે =૭= દુઃખ ઘરેને દલમા દાજે - નુર ક્યોલા
તેના તો - ઢોળાઈ જસે પણ તેને સુજે નહીં રે =૮= તે મારે
ગોર તમને કહે છે - ચેતો મુનિવર ભાઈ તો - બાકરશાણ
અલીને સમરો આ સમે રે =૯= શ્રી સતગોર સદેવપયાઃ
(૩) પહાણાલાંને પાયાં રે સુ સૂઈ રહ્યા રે - પરગટ કાયાંને
પરકાસ =૧= નરાંજના પાસો રે નાના વેસમાં રે - ભેજન
ભગવજીને આજ =૨= બ્રામણને ટાળો રે મળીયાં ભુદરા રે -
ભેળાં કરીયે ભોગ્યા મન =૩= જાગીને કંઈ જુવો રે જુગમાં
~~ઝળહળ્યાં રે~~ = ઝળહળ્યાં રે - જે કંઈ રાસ રમણના રાય =૪=

વાંસલડીને વાગેને ઘેલી ત્યાં થઈ રે - હરિના સુણ્યા રે
સવાલ =૫= ભેજનીયાની જુઠી રે મની છુ મહાવને રે - એ
હરિ રંગ રમે કિરતાર =૬= પ્રભાતે ઉઠીને રે પિયુને નિરખિયે
રે - નેણ ભરીને નરવરનાથ =૭= પ્રભાતે ઉઠીને રે પિયુને
જમાડીએ રે - જે કાંઈ ઉપજે અંતર હેત =૮= રસોઈઓ રે
રાંધીએ કરીયે રીતસુ રે - થઈને પાક પવિતર સાર =૯= શાક
રે સવાદ રે કરીયે શોભતા રે - એ જમે જોગેશ્વર દયાળ =૧૦=
પ્રભાતે ઉઠીને રે પ્રસાદી પ્રેમ સુ રે - જુગતે કરીને જમાડો
નાથ =૧૧= પ્રેમે રે પ્રસાદી રે કરીયે નેહસું રે - એમ કહે છે
બુદરદીન મહારાજ =૧૨=

શ્રી સતગોર સહેદેવ પાયા :- (૭) જુગ ચારના વછોયા
પાયા રે =૧= મેડી મંદિરે મંગલ ગવાયા રે =૨= તમે ગાફેલ
સુતા જાગો રે =૩= નહીં તો રહેસો આંસુડા લોઈતા રે =૪= તમે
નિત નિત દર્શને જઈએ રે =૫= કોડી દમડી પુંજ દઈયે રે =૬=
કોડી વિના તો કુંજલ હારો રે =૭= કોડી લઈ યતિ ઘેર આવો રે =૮=

તમને એ ભેદ કોણે બતાવ્યા રે :૯: સતગોરે એ વેદ
સમઝાવ્યા રે :૧૦: એમ કહે છે કુદરતીન સવાઈ રે :૧૧: હવે
દુનિયામાં કરીસુ જપાઈ રે :૧૨: શ્રી સતગોર સહેદેવ વાયાઃ
૫૦ સાલે ઉગ્યા રે નરરૂપ અખંડ કે - વહાંણલાં વેદે વાયા રે :૧:
સૂતા જાગો રે શુ ઘોરો ગમાર કે - પાંણલાં વેદે વાયા રે :૨: જાગી
સમરો રે નામ નારાયણ કેરાં કે - પાંણલાં વેદે વાયા રે :૩: જાગ્યા
જાગ્યા રે આદ અંતેના દેપ કે :પાંણલાં વેદે વાયા રે :૪: હવે થાસે
રે કંઈ ખુદરતી ખેલ કે - પાંણલાં વેદે વાયા રે :૫: ચઠસે આપે રે
નર નકલંકી નામ કે - પાંણલાં વેદે વાયા રે :૬: આજ વારો રે દસ
મો અપતાર કે - પાંણલાં વેદે વાયા રે :૭: જેમ આદ રે ક્યાં રંગ
રોળ કે - પાંણલા વેદે વાયા રે :૮: આજ કાલ રે કરીશુ કલ્લોલ
કે - પાંણલા વેદે વાયા રે :૯: કરજે કરજે રે તમે સમરણ દાંન કે -
પાંણલાં વેદે વાયા રે :૧૦: ધરજે ધરજે રે તમે નિરગુણ ધ્યાન કે -
પાંણલાં વેદે વાયા રે :૧૧: સૂરજ ઉગ્યા રે શુ ઘોરો ગમાર કે - પાંણલા
વેદે વાયા રે :૧૨: ——————

ભગી સમરો રે નામ નારાયણ કેરો કે - પોણેલા પેહેવાયાં રે ૧૩
કેમ તરસો રે આ પખડો સંસાર કે - પોણલાં પેહેવાયા રે ૧૪
પોણી બોલ્યા રે આલે ઈમોમ કે - પોણલાં પેહેવાયા રે ૧૫
ઇપે મેલો રે તમે નર સુલાન કે - પોણલાં પેહેવાયા રે ૧૬

શ્રી સતગોર સહેદેવ પાયાઃ-(૬) ઉઠ ભાઈ કર સભઈ - નામ લે નિરધારે - વારો વારે શિખાંદે છે આપે હે કીરતારે - ભગીયે જુગનાથ કહે છે આ પજતમા જ્યારે ૧ છંદ કીયે છેલ છબીલે - કહાંન રૂપે કારે - આજ રમે તે મોરારી રૂપ લીયા રે ભારે ભગીયે ૨ ગોવાળ થઈ ગાયો ચારી - ખેલ કીયા ત્યારે - ગોપી સાથે રંગ કીધા - એ બને ગીરધારે ભગીયે ૩ તેસા રૂપ આજ બના રે દસમે અવતારે - તેમને ઓળખી આશ કરો તો પાર તે ઉતારે ભગીયે ૪ સમણાં બાજી વહી જસે રે - નિંદ સ્વાઈ ભારે - હરિ વિના તો આ જનમારો ભય અપરથાએ ભગીયે ૫ પ્રીત વિના પાર કેસે - હરિ વિના સબ હારે - રામ કહાંને રંગ કીધા - તેપા મનમાં ધારે ભગીયે ૬ શીંદરડીના ચીર પૂર્યા - સભામાં

સારે- નપસોને નપાણું પૂર્યા- તબ દુર્યોધન હારે- ભગોયે=૭= તે
ધણી તો આજ આયે- વેદ વાચક લાયે- કામ કરવા ભક્ત કેરો-
આપે હે સધારે=ભગોયે=૮= સુદામાને સુખ આપ્યા- તાંદુલ
લીયા ત્યારે- દળીદર તો ભપના કાપ્યા- આપે એ નિરધારે-
ભગોયે=૯= મથુરાથી ગોકુળ આયે- નંદ આહિર ઘેરે- રંગ તો
અલબેલા કીધા- એ મોહન મોરલી વારે=ભગોયે=૧૦= નાગને
તો જહાર કાઢ્યો- અમૃતજો રસારે- જુમનામાં આગ કીધી-
એસા હે કીરતારે=ભગોયે=૧૧= દશ અવતારે દેહ ધર્યો છે- મનુષ્ય
રૂપ સારે- પારો વારે દૈત્ય માર્યા- એ રમત તો ભારે=ભગોયે=૧૨=
મચ્છા રૂપે મહાવ પોતે- રૂપ સારે સારે- શંખાસુર કો માર દીયા-
વેદ લાયે ભારે=ભગોયે=૧૩= કાચ્છપ રૂપે કામ કીયા- સમુદ્ર
વલોયો જ્યારે- મધુકૈટક કો માર દીયા- લક્ષ્મી વરિયા ત્યારે=
ભગોયે=૧૪= શુકર રૂપ સહેજે લીયા- પશુ ધરીયા અવતારે- મોરૂ
દાનવ માર મલાયા- એ હરિ કીરતારે=ભગોયે=૧૫= કાષ્ટમાં અવ
તાર લીયા- રૂપ સિંહ કા સારે- ભક્તને ઉગારી લીધા- અગ્નિમાં

કીરતારે = ભગીયે = ૧૬ = નાના સરખા રૂપજ લીયા - વામન
વૈરાટ જ્યારે - બલિને પાતાળે ચાંપ્યા - ઈન્દ્રને ઉગારે = ભગીયે ૧૭ =
ફરસી લઈ આપે ફરીયા - ફપર પિંજર કાઠે - બ્રાહ્મણ થઈને
ભેદ કર્યા રે - સહસ્ત્રાઅર્જુન મારે = ભગીયે = ૧૮ = રામ રૂપે રંગ કર્યા
છે કાપડી કીરતારે - રીંછ વાનરની સેના મલી - દશાસુરકો
મારે = ભગીયે = ૧૯ = કહાંન કેશવ કુળ છુપાવી - ગોકુળ સધારે
રમત કરતાં રામ કૃષ્ણે કંસ કુ તો મારે = ભગીયે = ૨૦ = બુધ્ધારૂપે
બોડી જાટે - દુર્યોધન સંહારે - ભીમને તો સમસા બતાવી -
લજ એ કીરતારે = ભગીયે = ૨૧ = આજ સ્વામી દૈત્ય મારે - દસમે
અપતારે - કાળીંગાને કાજે રૂપ લીધા સંસારે = ભગીયે = ૨૨ =
માણસ રૂપે મુગટધારી - કલંકી કીરતારે - મગર આવ્યા આ
સમે - ને ખેલે સચરાચારે = ભગીયે = ૨૩ = ગોર બુદરદીન પાસે
આવો - બેઠે પ્રભાતે જ્યારે - ભક્તોને રૂધ્ધ આપી - કીધા છે
સંચો રે = ભગીયે = ૨૪ = શ્રી સતગોર સહદેવ પારસા :- જ્યાં
દેવ પુંજા ન થતી હોય તો ચાલુ જપનો એક માળા કરવો

ગ આ શાસ્ત્ર બોલાવુ - દેવપુંજ મન્યા જેટલો લાભ થાય :-
મંડપ રચીયા મોહલ્યા - જેની શોભાનો નહીં પાર - દેવ
જોવા આવીયા - જુગ ચાર કેરા ચાર =૨= પખાળ કીધા ને
પરવર્યા - દિપક દર્શન જેહ - રૂપા દીવો શોભતી - ઝળહળ
જ્યોત વિશેક =૨= રૂપા બાજઠ પાથર્યા - આજ દેવકાજને
કાજ - સરવે દેવ આજ આવસે - તમે વધાવોને આજ =૩=
તણે ભાળી ને રૂપા ઝારી - કમળ કેરાં મંડાણ - સોગમ સ્થાંભ
રૂપા કેરાં - એ કળશ કળા પ્રમાણ =૪= નવદાણા નવખંડે
વસ્યા - ઉપર કળશાનો આધાર - સાત સમુદ્ર જળભર્યા
જળ કળશાનો વિસ્તાર =૫= સાડત્રીસ ઈમોમે પ્રવેશ કીધો -
સંસાર સાગર જેહ - તેહ તણો આધાર છે - મોહી પાવન
ધોવ્યાં તેહ =૬= પરગટ ઈમોમ હાજર જેહાં - તેહ તણો
વિસ્તાર - સરવે દેવ આજ આવસે - તેત્રીસ કરોડી સાથ =૭=
કરણ કલકના દેવ આવે - અડસઠ તિરથ જેહ = ગત ગંગા
માં પરવર્યા - દર્શન કરવા તેહ =૮= કળશ કમળમાં ફુલ

સાડત્રીસ આરોગે હરિ એહ- સુગંધ વ્યાપી ઓપતી-કપુર
ઉજ્જવળ જેહ=૯=રૂપા પાણ ભરાવીએ-રસોઈ બત્રીસો
સાર- પિધિ પિધિએ નિત કીજીએ-અમૃત ભોજન આહાર=૧૦=
શાક સારા તેત્રીસના- તે જમે ત્રિભોવનરાય- બ્રહ્મા વિષ્ણુ
ને ઈશ્વર કહીએ- ત્રણ એક કના કહેવાય =૧૧= બ્રહ્મા પાર
બેસાડીયા- તે ભાવે કરી ભગવાન- નરકના નરનાથની
તે ભણે સરજનહાર=૧૨=ભાપ કરી પોતે જમે-મુખવાસ
પાન મરકાસ- મુનિવર બેઠાં મલપતા-તે સૌને સ્વર્ગની
આસ=૧૩=અગર ચંદનના છોરણા-અચર સુગંધી સાર-
કળશ કમળને અરચીએ- તો હરખે દેવ મોરાર=૧૪= છોર
લઈએ સુરતા રાખી- ગુનાકરાવોને તાજ- આજ પેળમાં
બકરસે- બાવા બુદરદીન મહારાજ=૧૫=
શ્રી સતગોર સહદેવ પાયા:-ગનાંન બોલો રે રૂખેસર નુર
ભર્યા- આગમ ધોતો કીધાં રૂડા કામ રે=૧= અંગને રોપો રે
હીરલા ઝળહળે- સ્વામી મારા તેજનો અંબાર રે=૨= રૂપાને

તેજે રે સાંમી મારા આગળા- ભેણે ઉભા ત્રિભોવનનાથ
રે =૩= તંબોળી વિના રે વણસે ચાંદડા- ગોર વિના પણસે
ને લાખેણી જમાત રે =૪= હાથ જ દઈને ગતને તારશે-
ગોર બ્રહ્મા ને કરસે રૂડાં કામ રે =૫= ગોર સહેદેવ રે ગનાંન
બોલીયા- રૂખેસર મારા ને અમરાપુરમા વાસ રે =૬=
શ્રી સતગોર સહેદેવ વાચાઃ- રહેણી સફળ થી જે ઉગીયા-
નવેખંડ હુવા રે પ્રકાસ- સુરજ ઢાંક્યા કેમ રહે- જુઓ વેદ
પુરાંણી વાત =૧= અરસથી નુર આવીયા ને- આલે કરતાં
જેઈ- કળા અમારી એક છે- તમે જાણો તેના તેહુ =૨=
ગોષ્ટિ કરો તો ગનાંન દો- અને પરખાં કરો પરમાણ- આલે
હુસેનીમા ઉગીયા- જાવા નુરદીન મેહરબાંન રે મન તો
સઘુના મના વસે- તમે ધારણ રાખો ભાઈ- ઉતાવળે આંબ્ય
લાગે- વેળા વસમી માંહી =૪= ભણે ઈમામ અબૂર આલે-
નુરદીન સવાઈ- ગનાંન ગતમાં બોલીયાં -એ વેળા
વસમી માંહી =૫=

શ્રીસતગોર સહેદેવ વાચાઃ- બ્રહ્માજી કરે એક વિનતી- તમે
સાંભળો જુગના તાત- દઈતપાર્યા નવ વરે- ભાઈ વાડી
વણસી જાય =૧= હળવા રહો ભાઈ રૂખેસરો- તમે વિલંબ
ના કરસો લગાર- ખડગ લઈસુને તોરિંગે ચઢસુંતો- ચઢસે
મેહદવ કુળ રાય =૨= ખલકે ખલકે લડાવસું -અને કરીશું
એકાકાર- વેળા પહોંચીને નવ ચડું તો અમને ગોર બ્રહ્મા
ની આંણ =૩= મેઘ કેરાં નીર વરસેને જળાજળ કરીસુ એક
ઈમાંમના સેન જાગસે- ત્યારે ભાગસે સરપના ભેદ =૪=
શ્રી સતગોર સહેદેવ વાચાઃ- રૂખેસરો દલના ડોલાવો- ચંલ
સાચા ધરોજી =૧= વેળાં વિચારીને ચાલો- આચરણ હુવાં
જી =૨= સ્વામી તમારા ફરમાન- દીધા કોલ પહોંચ્યાજી =૩=
ધરણી તે હલહલકાર -પવન બહોત ચલેજી =૪= ડોલાવે સકળ
સંસાર- દુનિયા બહોત ચૂકેજી =૫= પશ્ચિમ દેશ પીયાણા.
સ્વામી રાજ આવેજી =૬= પહેલાં તો દિલ્હી મહેલાણા- જંબુ
દીપ ભેળેજી =૭= અસુર દાનવને સંહારે -ખલકે ખલકે લડેજી =૮=

સેંકડા છમછર સંધે - ધર્મ રાજ્ય હોંસે જી =૯= રૂખેસરો કરો
ને આનંદ - મની અમી પીધો જી =૧૦= રૂખેસરો મહાદંન
આપ્યા - અપ્પલ સાંને જ્યો જી =૧૧= બોલ્યા તે હારમશાહો
પીરા મન જુઝો જી =૧૨=

પી સતગોર સહેદેવ વાચા :- આખર વેળામાં તમે અપનારુ
ચાલો રે =પીરા= તો હવે તો બાંય અમારી ઝાલો જી =૧= જે
જે ફરમાવ્યા તે તો શીષ ચડાવો રે =પીરા= તો ફરી સમો
નહીં આવે આવો જી =૨= જેતામાં જંગ સ્યાસે - અપનપુ થાસે
રે =પીરા= તો તેમાં તો કોઈ કોઈ ગોથાં ખાસે જી =૩= દાંન
ભજનની તમે તરતીપ રાખો રે =પીરા= તો ત્યારે તો
કુદરત નજરે દેખો જી =૪= બોલ્યાં બાદરશાહ હવે પરગટ
થાપુ રે =પીરા= તો એરે માટે રે તમને કહાવુ જી =૫=

પી સતગોર સહેદેવ વાચા :- પૂર્વેની વાતો ગોરે પેહે લખાવી
રે =પીરા= તો સમસ્યા સમજે રે મુનિવર મારા જી =૧= વાનર
રીંછ સેના મહા[illegible] મળસે રે =પીરા= તો લંકા લીધી રે તેમ

કરીસુ જી =૨= ચીન નગર બોજુ દરિયાદન બોજું રે =પીરા=
તો મારી દાંનપને ઘરણી પરણુ જી =૩= પછી તો રાજ કરાવુ
મારા રૂખેસરને મોરા - મારા મુનિવરને મોરા - તો સવાલાખ
પરસની લીલા જી =૪= તે તોને રાજ્ય કરાવુ દુનિયાની માંહે
રે =પીરા= તો આદ અંતેના મુનિવર ભેસે જી =૫= ચાર
ચખ્યાને તેના ક્રમ કોઈએ ના ભણ્યા રે =પીરા= તો આગમ
ભલા તો ભ્રાંતી ભાગી જી =૬= ભણરે ઈમાંમ આલે શરીફ
સવાઈ - બાબા શરીફ સવાઈ - તો બુદરદીન બાવા કરસે
નવાઈ જી =૭= શ્રી સતગોર સહદેવ પાયા - હો હો મુનિવર
કોંસે પધાઈ જી =૧= નકલંકી ચરસેને પાસે નવાઈ જી =૨=
નકલંકી નામનો પારના ભંણો જી =૩= કોઈને કલંક નહિ તે
સત્ય પરમાં હો જી =૪= એક પરણ એક નામ લખાસે જી =૫=
એક ઘરમ બીજે ઘરમ ના કહોએ જી =૬= એક હુકમ તો નર
નકલંકનો કહોએ જી =૭= બીજુ નામ મહંમદ મેંદીનુ લઈએ જી =૮=
તે જપતાં તો પડસે ત્રાસ જી =૯= રામ પ્રેમ સહુ ઘસસે દાંપ જી =૧૦=

ઇન્દુ લુઈને તોબા લાવીજી =૨૧= મારા મુનિવરને ક્ષેમ
ખુશાલીજી =૨૨= ઇન્દ્ર ચન્દ્ર સોના લાંછન ભસેજી =૨૩= ખારા
સમુદ્દર મીઠા થાસેજી =૨૪= ઝેરને પિયૂષપાદ સરખેના ભસેજી =૨૫=
ત્યારે તો નકલંકી નામ જણાશેજી =૨૬= મારવા કાફીગોને
સુખ સહાયતા થાસેજી =૨૭= ગોર બાકરશાહ ના રાજ્ય
સ્થાશેજી =૨૮= શ્રી સતગોર સહદેવ વાચા:- દેવ કપાસે
દેવ પધાર્યાજી =૧= તેમના દરસન કરી પાક જ થાવોજી =૨=
સદ્દલની રાહે તમે હવે આવોજી =૩= કજીયા કરો તો કબુદ્ધિ
પાસેજી =૪= દેવનાં લક્ષણ તેના વહી ભસેજી =૫= કાયમ કપા
એ મરતગ બેઠાજી =૫= તેમની આગળ કજીયા કેસાજી =૬=
એ મન મેલોને ચાલસો પંથજી =૭= તારે કબૂલ કરસે તમારા
દંપજી =૮= મારે મુમતની મૂકોને વાતજી =૧૦= સમજવી કહે
તમને પૈકુંઠ નાથજી =૧૧= પીર બુહરદીન ના ઝાલોને હાથજી =૧૨=
શ્રી સતગોર સહદેવ વાચા:- સુણો મુનિવર સાચ કમાવોજી =૧=
કૂડ છાડી તમે અમર થાવોજી =૨= અમર હોસે શાકરો

મિલ ભેદ જી =૩= ભેદ સુનીને ભાઈ કીજે કમાઈ જી =૪= હો મુજે
કયુ કર બોલો ભાઈ જી =૫= હો મુજે હાવા હબીદર આવે જી =૬=
અમર ગનાંન કા ભેદ ના પાવે જી =૭= ભેદ લે મે ભેરૂ ભિસ્ત
કી કુંચી જી =૮= કુંચી લેકર તાળા હલકા ખોલો જી =૯= ખોલો
તાળા હલ ઉઘડે કમાડ જી =૧૦= ઉઘડે કમાડ તો માલ દેખાવે
જી =૧૧= માલ આપે રે સમસેર અપરમપાર જી =૧૨=
ગ્નાો સતગોર સહેદેવ વાયા := પારણા તો લેવા છે વારંવાર
રે =૧= ગનાંન બોલ્યા બુદરદીન કીરતાર રે =૨= સરપેની
લેવી છે સંભાળ રે =૩= હવે તો વિવાહ કેરી વાતો ભેર રે =૪=
પરથમ મારવો મોટો ચોર રે =૫= તેનું નામ કાળીંગો ઘમઘોર
રે =૬= તેને મારી વિવાહ પસમનાં કરસું રે =૭= મન લઈને
રૂખેસરની સાથે ફરસું રે =૮= હરખને હેતે સું લાડ લડાવું રે
=૯= દંન દંન વાલો તે નવલી કહાવું રે =૧૦= સાંભળીને સાબૂત
મન થઈ રહેજો રે = દુઃખ હોય તો ભાવા બુદરદીન ને કહેજો રે =૧૨=
ગનાંન બોલ્યા બુદરદીન નર સાંગુ રે =૧૩= દુનિયામા ડંકા તે

દઈ હપે મગુ રે =૧૪= શ્રી સતગોર સહદેપ પાયા :- મારે
દિવાળી થઈ આજ હરિમુખ જોવાને =૧= મારે સર્યા તે સરવે
કાજ ભવદુઃખ ખોવાને =૨= આજ દિવાળી અતિ અજવાળી-
હરિ દર્શનને કાજ રે- સુંદર મુખ પર વારી જાઉં પિઠલા-
આંખલડી થઈ રાઠી- હરિમુખ જોવાને - મારે દિવાળી= મારે
સર્યા તે =૩= હૃદય કમળમાં સેજ બિછાવુ પોઢો જુગજીવન
રે- પીંઝણો લઈ વાવલીયા ઢોળુ- ત્યારે હરખે મારું મન-
હરિમુખ જોવાને =મારે દિવાળી= મારે સર્યા તે =૪= સેપ સુંવાળી
લાપસી- ઘી ભરીયો કંસાર રે- ભોજન કરાવુ મારા પ્રાણ
જીવનને- ઠારૂ તે મારે હાથ - હરિમુખ જોવાને - મારે દિવાળી-
મારે સર્યા તે =૫= લવિંગ સોપારી એલચીને બીડલે બાસઠ
પાન રે - મુખવાસ કરાવુ મારા પ્રાણ જીવનને - આલુ તે મારે
હાથ - હરિમુખ જોવાને = મારે દિવાળી =મારે સર્યા તે =૬= સોના
ની થાળી રતને જડાવી- માંહી મેલ્યા કપુર રે- આરતી ઉતારુ
મારા પ્રાણ જીવનની- રીપેં ઉગમતે સુર- હરિમુખ જોવાને =મારે

દિવાળી - મારે સર્યા તે =૭= સોનાનો સુરજ ઉગીયો ને દુધડે
વરસ્યાં મેઘ રે - બાદરશાહ બાવા પાસે એટલું રે માંગુ -
ફરી ના ધરવો આ દેહ - હરિમુખ જોવાને - મારે દિવાળી = મારે
સર્યા તે =૮= શ્રી સતગોર સહદેવ વાચા :- સતગોર કહે
મુનિવર સાંભળો - સત વાચા એ પાળો રે =૧= કોલ કર્યા તે
પુરા કરો - દસુંદ રસુંદ આપો રે =૨= ભોજન દાન દીજે ભાવસુ -
દેવે પ્રસાદી દીજે રે =૩= વ્રત કરો રે પારાં તણા - જીવના કારજ
સીઝે રે =૪= ક્રિયા આચાર પાળો પ્રેમસુ - ત્યારે રૂપવંતા
થાસો રે =૫= નમી નમી નમણી કરો - મારા ધરમી તે ભાઈ
રે =૬= પરસ્ત્રીથી રહેજો વેગળા - ત્યારે જપ તપ ફળસે રે =૭=
છ એ વખત બંદગી કરો - વેળા ખાલી ના જાય રે =૮= ખાલી
જસે તો ખોટ અતિ ઘણી - તમને કહે કીરતાર રે =૯=
સંસારની માયા પરહરો - ધરમી ધ્યાનમાં રહેજો રે =૧૦=
જુઠ ચોરીથી રહેજો વેગળા - ત્યારે લાભ જ લેસો રે =૧૧=
દેવ દરસણ નિત જપુ - રખે રહી નવ જાતા રે =૧૨= મેઘ

સુધી જાગરણ કરીયે - સ્મરણ ગનાંન એ ભણીયે રે =૧૩=
પાછલી જરઘડીયે જાગીયે - સુકરીત સ્મરણ કરીયે રે =૧૪=
નિંદા લવરીથી રહેજો વેગળા - સુખે સમરમાં ફરીયે રે =૧૫=
ગનાંન ગીતા નિત સાંભળો - હૃદય નિર્મળ કરીયે રે =૧૬=
કામ ક્રોધ નવ કીજીએ - તેથી જપ તપ હારો રે =૧૭= લોભ
લઘુતાને પારીએ - ત્યારે ગુણવંતા થઈએ રે =૧૮= બોલ્યા
સતગોર બાવા બેલડી - બાબકશાહ નરનાથ રે =૧૯=
વચન પ્રમાણે જે ચાલસે - તેમના વૈકુંઠમા વાસ રે =૨૦=

શ્રી સતગોર સાહેબ વાચા :- ધન્ય ધન્ય રે આ જન્મ
તમારો - જન્મ તમારો - તો મળીયા છે મહાપ મોરારજી =૧=
કળીજુગ વારે માણસ દેહા - માણસ દેહા - તો પરગટ ત્રિભોવન
ધારીજી =૨= કરો રે કમાઈ અમર કરો કરણી - અમર કરો
કરણી - તો ગુણ લાવો જેમ ધરણી જી =૩= મળી મળી
ચાલો આ જુગની માંહે - આ જુગની માંહે - તો સતપંથી રે
અમારા જી =૪= આપે મુ આપે અમરગઢ પહોંચ્યા - અમરગઢ

પહોંચ્યા - તો નિર્મળ નામે સમાઈજી =૫= એવા રમો તમે
પરગટ પંથે - પરગટ પંથે - તો કામ કરો રે કરારીજી =૬= દેવે
મળ્યા તો દેવગુણ લીજે - દેવગુણ લીજે - તો બીજી વાતો
નવ કીજે જી =૭= સ્વર્ગભુવન તમે આજ સંભાળો - આજ
સંભાળો - તો છેલ્લો છે જનમ તમારો જી =૮= કામ ક્રોધ
ને છળભેદ મેલો - છળભેદ મેલો - તો ઝીણા થઈને ગત
મા ભળોજી =૯= નિર્મળ નીર નદીના સરીખા - નદીના સરીખા -
તો એવા થઈને તમે ચાલોજી =૧૦= અમીને અમીરસ ભણે
રે બ્રહ્માજી - ભણે રે બ્રહ્માજી - તો અમરગઢમાં મહાલોજી =૧૧=
જો સતગોર સહદેવ વાયા :- આવ્યા આવ્યા નિરંજન
અવતાર - આદ હુતા તે અંતે આવીયા હોજી =૧= પરગટ
ખેલે જંબુદ્વીપ મોઝાર - બહેર વેદે બતાવીયા હોજી =૨=
સંચા વિના શુ કરે સંસાર - પરગટ દેજોને ચારખે હોજી =૩=
એવા અરપરા છે રામજીના રંગ - ઢંગ કરે રે ઘણી અપનવા હોજી =૪=
ચારે જુગે ચક ફેર છે વાત - ભાગ પડ્યા રે ત્રણ તે સમે હોજી =૫=

કરતા જુગમા પંદર કરોડ - ભાગ પધ્યારે ત્રણ તે સમે હોજી:૭:
પાચ કરોડી સીધ્યા પ્રહલાદ સાથ - પાંચ કરોડી દોજખ પડી ગયા
હોજી:૮: પાંચ કરોડી કાચા પાકા જેહ - ત્રેતાંના ભરણમાં
તેમને ઓરીયા હોજી:૯: ત્રેતા જુગના એકવીસ કરોડ - ભાગ
પધ્યારે ત્રણ તે સમે હોજી:૧૦: સાત કરોડી સીધ્યા હરીચંદ
સાથ - સાત કરોડી દોજખ પડી ગયા હોજી:૧૧: સાત કરોડી
કાચા પાકા જેહ - દ્વાપરના ભરણમાં તેમને ઓરીયા હોજી:૧૨:
દ્વાપર જુગના સત્તાવીસ કરોડ - ભાગ પધ્યા રે ત્રણ તે સમે
હોજી:૧૩: નવ કરોડી સીધ્યા પાંડવ સાથ - નવ કરોડી દોજખ પડી
ગયા હોજી:૧૪: નવ કરોડી કાચા પાકા જેહ - કલીજુગના ભરણ
માં તેમને ઓરીયા હોજી:૧૫: કલીજુગ કેરો છત્રીસ કરોડ - ભાગ
પધ્યારે ત્રણ તે સમે હોજી:૧૬: બાર કરોડી સીધ્યા ગોર સહદેવ
સાથ - બાર કરોડી દોજખ પડી ગયા હોજી:૧૭: બાર કરોડી
કાચા પાકા જેહ - અનંતના ભરણમાં તેમને ઓરીયાં હોજી:૧૮:
અનંતના તો જે ભણે છે પાર - સ્વર્ગ નરક પણ અપાગપન

નથી હોજી =૧૮= બ્રહ્મ કાએ ઝુરે છે સતગોર- રૂદન કરે છે

બ્રહ્મા માવડી હોજી =૧૯= માતાને જેમ અંતર પહાલાં બાળ-

ગોરને પહાલાંરે મુનિવર અતિ ઘણા હોજી =૨૦= બોલ્યા પીરા

સૈયદ શરીફ - આજના ભૂલ્યાંના ઠામ કાંઈ નથી હોજી =૨૧=

શ્રી સતગોર સરૂપે પાચાર- સતગોર તમને કહે છે રે ગનાન-

કહે છે રે ગનાન - મોની લેજો મારા મુનિવરો =૧= પરગટ બેઠાં છે

રે ચાર- બેઠા છે રે ચાર- તેમને ન્યાળીને નિરખજો =૨= તમે ધરમી

મારા ભાઈ -ધરમી મારા ભાઈ - જપજો એક ધ્યાંન કરીને =૩= ચારે

જુગના ધરમી મારા યાર - ધરમી મારા યાર- આખર વેળામાં

આવી મળો =૪= જો કરજો અમારો સંગાથ- અમારો સંગાથ-

ઉતરીને પળો પાર પડો =૫= હવે આપ્યા તમારે કાજ- તમાર

રે કાજ - જો જાણો તો સાચ્ચ છે =૬= અમરગઢના રે આજ -ગઢ

ના રે આજ- સાચી કરવા આ સમે =૭= અમર પાસો રે એહ-

પાસો રે એહ- અમને પળગોને પરવરો =૮= માંહી માંહી

મુનિવરો એહ - મુનિવરો એહ- અસ્વારી અસ્વારી સૌ કરે =૯=

અસ્વારી માગો છોરે એહ- માગો છોરે એહ- ભજન તો તમે
નવ કર્યું=૧૦= તમે આવ્યા છો રે આજ- આવ્યા છો રે આજ-
કમાઈને કંઈ લઈ જશો=૧૧= શું કમાયા છો આજ- કમાયા છો
આજ- અસ્વારી શું માંગીયે=૧૨= અસ્વારીના કહું છુ પખાણ-
કહુ છુ પખાણ- કાંને સુણો ચીંત ધરી=૧૩= અસ્વારી આગે કહેર
જેલી-ગનોન સુણી નવગણીયાંરે-જેનું જેવુ ભાગ્ય તેવુ
આપીએ જી=૧૫= શ્રી સતગોર સહેદેવપાયાઃ-ઘોળ છે:-
હવે દેશમાં તો ડંકા વાગ્યા-ગડગડીયા નિશાન જી=૧=હવે
બાદશાહના બાણ ચાલ્યા-હુબાહો ત્રાસજી=૨=હવે ધરમી
મારા ધારણ રાખો-ચાલોને આ વારજી=૩=હવે મહેર કંડા
રોપીયાંને-જુગમા થઈ જણાજી=૪=હવે મહેર નામ સરવે
ભણસે-મહમદ મેંદીના આ વારજી=૫=હવે કલમો તો મહેર
ભણસે-જે આવ્યા અરસથી આ વારજી=૬=હવે ખેલ ખુદ
રતી અવનવા તે-તે સરવે મણો વાતજી=૭=તે કહેર કરામત
કેવી વાસે-હાહાકાર વરતાય જી=૮=ત્યારે બાદશાહના
બાણ ચાલે કેવા વડાવે ત્રાસજી=૯=હવે તે વખાતો આજ
આવી-મણો મારા યાર જી=૧૦=એનુરે નુર પઢાવીયાને-
બાપુજી બલીહાર જી=૧૧=શ્રી સતગોર સહેદેવપાયાઃ-
સતપંથ સાચા કરી સેવીએ તો-સહી અમર હોય-ગનોન
ઠરી વાત કે ભાઈ સમજીને કરણો કમાય=૧=ખેડ કરીએ

જેતર સંભાળી સાધુજન સચીયાર- ઉજ્જ્વળ મનથી
આરાધસો તો સફળ પાસે અવતાર =૨= સાધુ તે જે સાચુ
બોલે -જુઠ નહીં લગાર -કુડ કપટ રાખે નહી- તેની સાખો
અમર દુવાર =૩= સાધુ તે જે નિરમળા -જેનો પાણી જેવા મન
એવા નિર પિયપઈ ચાલસો તો પહોંચ્યો રે ધન ધન =૪=
ગનાન ગોરજી બોલીયા અને આપે બુદરદીન નાથ- એકમ
પાળો અમ તણાં તમે મુનિવર મારા યાર =૫=

શ્રી સતગોર સહદેવ પાયા:- ધરતીમાતા રે ઘણીના પૂરા પાપ
રણાંજી - તો કાયમના કોલ પૂરા કીધા જી =૧= કનડી હો વનમાં
સ્વામી મારે ડેરા દેવરાવ્યા જી = તો વનફળના આહાર પૂરા
વ્યા જી =૨= બાર બાર વરસ પાંડવ વનમાં એ ગાળ્યા જી -
તો સાતિએ પહેર્યા રે સણપડ ચીર જી =૩= બાર બાર વરસે
શ્રીકૃષ્ણ પધાર્યા જી - તો કહો રે પાંડવ સુખીયા કેવા જી =૪=
તમો મને દુઃખ નહીં રે ભણતા જી - તો રાખો સ્વામી તમારે
શરણે જી =૫= હસ્તિનાપુર વસ્યો સ્વામી મારે પાંડવ ચલાવ્યા જી-

તો નિંદા કીધીરે ત્યોના લોકે જી =૬= એણી એહીને જે કોઈ
નિંદા એ કરસે જી- તો તે લોક રહેસે રે હાથ ઘસંતા જી =૭=
નુરાંણી જોગિયા લઈને પાંડવ સધાર્યા જી- તો નુરમાં નુર
સમાવ્યા જી =૮= બોલ્યા સદરદીન બાવા આપ સવાઈ જી-
તો દુનિયામાં ફરીશુ નપાક જી =૯=

શ્રી સતગોર સહેદેવ પાયા:- હરિચંદરાજાનુ- પાયે ખૂંપે જીણી
કંકરીને- અગ્નિના પરસે મેઈ એ- અયોધ્યા કેરો રાજપી-
જેના સત્યેના દાજે દેહા- ઓયલી- પ્રાણીના ફરીશ- મનના
મોડે- સ્વામી કેરો બાટ ડોએ પખાળ્યા લક્ષ કરોડ =૧= થીર
પટોળાં પહેરતાંને જમતાં દાંણા- પાણી જી- માથા ઉપર
તૃણ જ લઈ- વેચ્યા શાં તારા રાણી = પ્રાણીના ફરીશ =૨=
સોના કેરો ઘડુલડો ને રૂપલા ઉઠાંણી જી - ઓપડો ઝાંપડો
નહાવા બેઠા- ત્યારે હરિચંદે ભરીયા પાણી- પ્રાણીના
ફરીશ =૩= ભમર પલંગ પર પોઢતાંને- ખૂંપે ઝીણા
સુતર જી- રોહીદાસ પોડ્યા સાપરે- એ લાડ કપાયા પુત્ર-

પ્રાણીનાં કરીશ=૪= જે પાપસે તે બળસે ને આને આ સંસાર
જ- પગર પાપે જે લણે તે - મુક્ત જતાય = પ્રાણીનાં કરીશ=૫=
સતગોર સહેદેવ બોલીયા- તમે જુગ જીત્યા જુગ જાણો જી-
અનંત કરોડીનાં ભરણ ભરાસે - ત્યારે સબ સંગાથે ચલના
પ્રાણીનાં કરીશ=૬=

શ્રી સતગોર સહેદેવ વાચા:- મુનિવરો ચેતીને ચાલો આજ-
વેળા આવી હવે કુંડી=૧= મુનિવરો તમે સુ જાણો વાત- અમે
અમારા કારજ કરૂ =૨= મુનિવરો બાવાજી કહેતાં વાત-
અસ્વારીની અપનજી=૩= મુનિવરો તે વેળા સંકર ભણ-
ભલ ભલા ભૂલે સહી=૪= મુનિવરો ભક્તે ભરપૂર- તે તો
બેઠા ગમીયા પઈ=૫= મુનિવરો તારે વિચારી વાત- કહેર
માથે લીધો સહી=૬= મુનિવરો શક્તિ શિરોમણી જેહ- બાર
વરસ વન વેઠીયાં=૭= મુનિવરો આજર મેલી છેહ- સીતાની પેઠે
કરૂ=૮= મુનિવરો તોરા કહેરના ભય- તમ ઉપર રૂમી રહે=૯=
મુનિવરો તારે કરો વિચાર- અલ્પ મોતના એરૂ કરે=૧૦=

મુનિવરો તમ મારે પેહેયા દુઃખ - નબીની પેઠે જૂળ્યા રહ્યા=૨૧=
મુનિવરો ખુદને કરી અરદાસ - છોરૂ કછોરૂ તારજો=૨૨=મુનિવરો
એવુ કરૂ કિરતાર - અવગુણ ગુણ કરી માંનજો=૨૩= મુનિવરો
અસવારીની વાત - આલે આલે સોંપણ કરી=૨૪= મુનિવરો તે
નો તે તુ જાણ - અંતર મન નવ આંણો એ=૨૫=મુનિવરો આલે
આવ્યાં નર જેહ - તે તો જુદાં નવ જાંણી=૨૬= મુનિવરો તે તો
કરે જીવના કરજ - પાછે તારેને સંહરતા=૨૭= મુનિવરો
અસવારીની વાત - ત્રણ પ્રકારની જાણજો=૨૮= મુનિવરો દેહ
મેલો તમે સાર - ઈમાંન રહે આખર લગી=૨૯= મુનિવરો તારે
અસવારી તુ જાણ - તેને તો નિશ્ચે થઈ=૨૦= મુનિવરો અનંત
ફીરસ્તા - વેમાંનમાં બેસાડીને લઈ જતાં=૨૧= મુનિવરો આલ
મુરત મેલે દેહ - તારે સવારી તુ જાણજો=૨૨= મુનિવરો શાહઅલી
બાકરશાહ - તે તો સવારી રૂપે કરે=૨૩=

શ્રી સતગુર સહદેવપાયા :- આલે નિરંજન સાંમીજી આવ્યા-
શિખામણ શાહો લાવ્યા હે જી =૧= સરવે બંદા પાળો ભાઈ- પાળો
તો પુન્ય થાસે હે જી =૨= દેવ સભામાં સરવે આવો- ચોખાઈ
કરી તમે નાહો હે જી =૩= બાળકને તમે હવે લાવો- ચોય પરસ
ના પખાળો હે જી =૪= નપરાવી સભામાં લાવો- પછતી દર્શન
કરાવો હે જી =૫= બાળકને રોવડાવશો નહીં- દેવ સભાની માંહે
હે જી =૬= જે રુવે તો જુદાં લઈ બેસો- તો છાનાં રાખીને લાવો
હે જી =૭= સભા માંહે શોર ના કરીએ- તો એ હદે સરવે રહીએ હે
જી =૮= મોટાને તો શિખામણ દઈએ- તો વસ્ત્ર પુરાં પહેરો હે
જી =૯= મરદને શિખામણ રૂડી- કપડાં મોટા રાખો હે જી =૧૦=
દેવે કપડાં મોટા જોઈએ- તો જ્યાં હમો પધારું હે જી =૧૧=
થોડે કપડે થોડું દીસે- તો અંગ તમારું બધુ હે જી =૧૨= કપડાં મોટા
સારા પહેરો- પાંચ વસ્ત્ર પુરાં હે જી =૧૩= નારીને શિખામણ દઈએ-
તો ત્રણ વસ્ત્ર પુરાં પહેરો હે જી =૧૪= ત્રણ વસ્ત્ર પુરાં પહેરો- પછતી
દેવ પધારો હે જી =૧૫= ત્રણમાં જે ઓછું રાખે- તેને ખોટ અનેરી હે જી =૧૬=

હેવ ધારીને કહીએ ભાઈ- કળાએ અમો પધારું હે જી ૧૭= કામ ઉધારે
કોઈનું ના કરશો- તો રોકડી રમત અમારી હે જી ૧૮= રોકડા વિના
તો કામ ના થાય- ઉધારે ગુન્હાના ભય હે જી ૧૯= છેલ્લી સંગે એ
બંધ બાંધ્યા- તો અવસર વેળા ચહોંચી હે જી ૨૦= કળાએ મુરખ કેમ
કરી બોલુ- ગનાંને કહી સંભળાવુ હે જી ૨૧= કળાએ તો તેજે
આવુ- તો ત્યાં તો કેમ કરી બોલું હે જી ૨૨= મુખીને તો કહીએ
ભાઈ- સહુને હદે રાખો હે જી ૨૩= હદે જે કોઈ મુનિવર રહેસે-
તો તેનાં તો વખાંણ લખાસે હે જી ૨૪= હદ વિના તો હારી બેસો-
પછી ત્યાં પસ્તાસો હે જી ૨૫= થાળ ભણીચી છોર લઈએ-
તો દીવા ભણીચી નુર હે જી ૨૬= એ હદ તમે નરનારી પાળો- તો
સેવાભેળા ના કરશો હે જી ૨૭= ઉભા રહીને જપ તપ કરજો- તો
છાની વાત ના કરશો હે જી ૨૮= કામ કાજે જવે બોલો- તો ધીમા
રહીને બોલાવો હે જી ૨૯= શોરે શાહેજી કોઈના રીઝે- શોરે પાછા
પડસે હે જી ૩૦= તે માટે તો ગનાંને લખ્યા છે- તો સાર તમે સૌ
પાળો હે જી ૩૧= હાજરી હિસાબે ખાજો- ભાગ પોતાનો ભાઈ હે જી ૩૨=
પારકું જપત પપોતે કરીએ- તો

પારકો ભાગ ખાઈએ હેજી=૩૬= પારકે ભાગે ભારે પાતો-
ભાગ ખાધો તે માંગે હેજી=૩૭= સહુને તો પહોંચાતો આપો-
તેનું લેખું ગણાશે હેજી=૩૮= ગતગંગામાં બેસે સહુ- તેમાં જે
કાંઈ છાંડે હેજી=૩૯= છાંડે તેને છલ પાડુ- જુદા કાઢી તાકુ
હેજી=૪૦= અન્ન ભરમ તો અમે ભણીયે- તેને કેમ કરી છાંડો
હેજી=૪૧= આલેથી જેમ કરી ગયા છે- તેનો જેટલું પાપ હેજી=૪૨=
તેમાટે તમે કાંઈ ના છાંડો- માંને તેને કહીએ હેજી=૪૩= અન્ન
ભરમ તો જે કોઈ છાંડે- તેને બેસે લાહી હેજી=૪૪= તે લાંહી
તો કેમ કરી ઉતરે- સરવે ની આગળ પુછુ હેજી=૪૫= તમને
આંહી તો સારુ લાગે- આગળ પકડી જોશે તેરી હેજી=૪૬=જીભ
તો કાંઈ પાત ના જાણો- ગતગંગાનુ ખાધુ હેજી=૪૭=ચોર્યું
તે તો છાનુ રાખ્યુ- આગળ તેને મારુ હેજી=૪૮= તમે તો
ગધ્ધા થઈ બેઠા- કાંઈ પાત નો ભણો હેજી=૪૯=ચોરે તેની
સુંઢી મોરી- લાહીપડી જોશે તેરી હેજી=૫૦= ગધેડાંને તો
સાંનના આવે- દેખે ત્યાંથી ખાવે હેજી=૫૧= ખાધે મુરખ

રાખ્યો નહી- પેર ભરે શુ થાય હે જી=૪૯=શીખોમણ તો
સમસેર દે છે- એ વાત સહુ સાચી હે જી ૫૦= સૈયદ સુલ
તાન સ્વામી કહે છે- હદની વાતો મોનો હે જી=૫૧= હદ
વિના તો હરો ભસો- જે ભરી થઈને ભસો હે જી=૫૨= જે
ભરી તો જકતાં કરે છે- તો જેને પાળવા નહીં હે જી=૫૩=
એવા તો જેજરી કરસે- તો જેણે પાળવા ધરમ નહીં હે
જી=૫૪= એવાં વચન તો સમસેર જોલ્યાં- હરિયાં ઈલમનાં
જોલ્યાં હે જી=૫૫= જોલ્યાં તેને તો અમર સહી- જાકી રાંખ્યા
ભસે હે જી=૫૬= રાંખ્યા તેને ઉંડા કુવા- તેને કોઈ નહી કાઢે
જહાર હે જી=૫૭= તેનાં તો વરીયા સહી- દોજખ ભસે ત્યાંહી
હે જી=૫૮= શ્રી સતગોર સદેહપવાયા:- જકરી હેદનું-
જંગલ ચ્યારા મેને ચરીયા- ખાંનાને ખુરસાની- તોભી મેરા
ખાલ ન છાડ્યા- ડોકી મુજ ભાંની= આયતો= સાઈબ મેરી
અરજ સુનોજે સુભાના- તમે દીન દુનિયાકે દાંના- સાઈબ મેરી
અરજ સુનોજે સુભાના-=૨= પાઉ કાર મુજે ઉચી રાંગી =ને

ઉલટી - ઉંબેડી ખાલ - જીને હમારા માસજ ખાયા - ઉનકે
કોન હવાલ = સાહેબ મેરી = ૨ = કાટ કુટકે ટુકડે કીજે - અને
જીમા કીના ખાસા - તો બી મેરા ખાલ ન છોડા - હજુ દીલ
મેરા ઉદાસા = સાહેબ મેરી = ૩ = અગન ચડાકર મુજકો સેકી
ને જહોત મજેસે ખાઈ - એસી કરણી મુજ સર બીતી - તો
બી મે અપડાઈ = સાહેબ મેરી = ૪ = જીતે બેચી મુએ બેચી -
અને ખાલ બેંચી મે ખાસી - તો બી મેરા ખાલ ન છોડા -
હજુ એ ભાઈ મે ઉદાસી = સાહેબ મેરી = ૫ = ચમડા મેરા
કુંડ મે ડાલા - જઉ દોજગ કી ખાઈ - ગંધ ગંધાવે - રંગ રંગાવે -
ફેર કર ખાલ બેગાઈ = સાહેબ મેરી = ૬ = મોચીકે ઘર મુસીબત
પાઈ - પા બી મહેર નાં આઈ - કાટ કુટકર રાંકે દીને - ફીર કરવા
બેઆઈ = સાહેબ મેરી = ૭ = જીવ મેરા જંગલ પડીયા - મુડી બાંન
કર ખાઈ - એસી બીપતા મુજ સર બીતી - તો બી મે અપડાઈ =
સાહેબ મેરી = ૮ = દુનિયા ઠાપી મુજકુ રાંગો - રજ રજ ટુકડે
કીને - અબ બી મુજકો બકસો સોરણી - ગુના બક્સ કર લીજે

સાહેબમેરી =૯= ગુના હમારા સુણીયે સાહેબજી - આગેકી
ઠકુ કહેણી - પે સુનકર હમ પાર ઉતારો - ફેર કરે સો સેહેણી
સાહેબમેરી =૧૦= આગે આદમ હમ જો હોતે - ઉમત નોહોનજી
કી - ઉસકા કહા કીને નહીં કીલા - તો કરણી સર પર લીધી -
સાહેબમેરી =૧૧= જે ફરમાંનીને જે ધીમોની - ઉસ દીન કી મુજે
શંની - સજને ઉસકા કહના કીલા - તબ એ ઠેકાં ભોનો = સાહેબ
મેરી =૧૨= બોલા ગીલા ચારા ચરીસા - ફીર પે ગુના સીર આયા
સબ ભાંઈ ઠુ કી ઠુકી ભાંની - તબ એ શીર કરપાયા = સાહેબ
મેરી =૧૩= એ ગુના હમને સજને કીતે - હમકુ ફેર કારકર
જાપે - પે ગુના ઉનકે સીર આપે - હમારા કછુનાં ભપે -
સાહેબ મેરી =૧૪= ભે ચાહવા કરકર હમકુ જાવે - અને મનમેં
કછુ ના લરજે - ઉન સર ગુના બોહોત લજાસે - માહાદીન
પૂંછણા સરજે = સાહેબ મેરી =૧૫= એસે નકરે લોક સદાકે -
જાસ હમારા ના છાંડે - જબ પૂછણે કી પેળા હોસે - તબ ઈન
કે સીર ફાડે = સાહેબ મેરી =૧૬= ચહાપા અમ પર જેણે કીલા

ઉસકુ ભીસતનો હેના- એવો અરજ મોનો અમારી- અમ
સીર જહોતજ પીતો- સાહેબ મેરી ॥૧૭॥ એવી અરજ અબ
મોનો અમારી- જે મેહેર હોય તુમારી- તો સબકુ સરગ
ચડાવો શાહા મેરે- મે અજીજ બંદી તુમારી ॥ સાહેબ મેરો ॥૧૮॥
કહેત નુરદીન સુણો ગત સારી- કોમ મા કોમ કરી જે-
જે કોઈ અમર જીવ પહોંચાવે- તો લાભ ઘણેરો લીજે ॥
સાહેબ મેરી ॥૧૯॥

ત્રીસતગોર સહદેવ પાયા:- સતગોર સેવ્યા તો શુ થયુ- દલ
નીના ટાળી જાત- કે દહાડાના મેહુલા જેમ વરસે સ્વાતી
સાત ॥૧॥ સતગોર સેવ્યા તો શુ થયુ- મનના રાખ્યુ પાક-
મન મેલાં જગડી ગયા- તે અંતે થાશે રાખ ॥૨॥ સતગોર સેવ્યા
તો શુ થયુ- હદના પાળી હરામ- ઘાડ આપી ઘસમસી- જેમ
ચુરી ભયે ગામ ॥૩॥ સતગોર સેવ્યાં તો શુ થયુ- નાપારીખ્યા
સવાઈ- અંતે તે તો ઉડસે- જેમ રેટા બાદ હવાઈ ॥૪॥
સતગોર સેવ્યાં તો શુ થયુ- ગોરને દેવડાવી ગાળ- અરક

તુરે ઉડીયા - તેની શોધી નહીં લગે ભાળ =૪= સતપંથ લીધા
સત કરી અને અસત ચાલ્યા પાર - અંતે તે ઝુંટાઈ મરસે -
તે ચાલ્યા કુડે ધાર =૬= ધાર પસમાં હોસ્થલા વખમ છે
પેણાય - સતી અસતને ઓચરે રે - અંતે તે ભેલાય =૭=
કહે જુહરદીન સાંભળો - અસતમાં ચાલ્યા સત - તેનો
લાભ અતિ ઘણો - જે ઉપજે એ પો મત =

શ્રી સતગોર સાહેદેપપાયાઃ- પ્રભાતીયુઃ- અવસર આવ્યા
છેલ્લા દહાડા - શુ સમજી બેઠા રાઠા તો - આ વખતમાં
ગાફીયાં કેમ થયા રે =૧= દાંન નહીને ભજન નહીને - ફકર
નહીં ફળવેળા તો - કેમ કરોને કારજ સરસે જ્યનાં રે =૨=
આદ અંતે કરતા આવ્યા - તેનો તો અમો બાપ તો - કરું
રે અજ્પાનો નવે ખંડમાં રે -૩= દુનિયાં તો પસ્તાસે ત્યારે
દેખે નવલા રંગ તો - ધન્ય ધન્ય કહેસે રે તમને તે સમે રે =૪=
અમે તો કંઈ સમજ્યા નહીં ને - પરિબ્રહ્મને પુંજ્યા તો - સફળ
જીવ્યુ રે દુનિયાં બોલસે રે =૫= જેવુ કીધુ તેવુ પામો - પુન્ય

પ્રમાણે સરપે તો- તે છંન કરસો રે પીરા ઓરતારે =૬= મારે
આજ ચેતી ચાલો- જે કરવુ હોય તે કરજોરે - તો અનંત ઘણુ
રે આપે તે સમે રે =૭= લાલચ મેલો કારમીને લંપટ કોઈ
ના થાસો તો- આપ બરાબર આવી બેસસો રે =૮=
તેનો ત્યાં તો પુન્ય ઘણેરાં -જેને પિંધિએ દીધાં દાંન તો-
સમે સમે સાવધાન આંહી કરોરે =૯= પુરાજન તો તેને
કહીસે- જે કસણી દસણી સહેતાં તો- તે તો ઉચ્ચારે નવે
ખંડમો રે =૧૦= બોલ્યારે બાદશાહ બનીયા- ગનાંને જે
કોઈ ગણીયા તો -તેની શોભારે ત્યાં તો અપનવી રે =૧૧=
શ્રી સતગોર સદેદેવ પાયા:- મરણકાળ બજતે બોલવાના
ગનાંન (૧) ધ્યાન ધરો પીરા મરણની વેળા-લાવો ચિંત
ચતુર ભુજ ચરણે જી =૧= આવ્યા હંકારાને કરવા પ્રયાણ-
મેલીને સંસાર જી =૨= દુકી અદલ હવે આવી બની છે-
અમરાપુર મનવાંજી =૩= હલો કરો પીરા હોંસમા માયા-શુ
મન નવ લાવ્યા જી =૪= માત તાતને સાજન સહેલી- તેતો

આ સમે કામ નહી કોઈ જી =૫= અર્થ ગર્વો પિરા માલને મેડી
રાજપાટ છે અસ્તી જી =૬= સરવે તમારે નકામ કોઈ - તો
બદલ તૈયારી હોય જી =૭= ભજન કરો હવે અલખ આરાધો-
શાખો સુરતા રેચ્ય પરસુ જી =૮= વૈકુંઠ ભવુ ને સજનને મલવુ-
તો જઈ અમરલોકમાં ભળવુ જી =૯= સજ્જન સાહેલીમાં
અમરમાં રમવુ - તો આવાગવનથી ભમવું જી =૧૦= મનમાંના
મેવાને અગમ મેવા - લીલા રંગ અપાર જી =૧૧= માલ આ
પાસ સરગની રચના - તો જઈને તે ઠામે પરપાં જી =૧૨=
સૂરજ રંગનાને ચંદ્ર પરની - દેવ કન્યાને પદમણી જી =૧૩=
તે તો ગાસે ને વાજીંત્ર વાગે - ત્યાં તો હો તે સ્વર્ગ પધાઈ જી =૧૪=
નુરના ક્યોલા ભરી ભરી પાસે - તો અમર તાહાર છે નુરી જી =૧૫=
નીત સારે દીદાર કરો કાયમના - તો રહેસે અમર હજુરી જી =૧૬=
જેવો કમાઈ તેવા ફળ લેસો - તો દોષ કોઈને ના દેશો જી =૧૭=
અમીરસ ભણો રે રારીદીન - તો આજ અવસર અમર
કરની કીજે જી =૧૮=

શ્રી સતગોર સહેદેવ વાયા:- હવે હરને હરજીવન બોલોયા
રે- તમે સુણોજો સૌ મારા વીર - તમે સમજી ચાલો આ
સમે રે =૧= હવે વિલંબના મહણો - હંન પહોંચ્યા બરારે-
અમો ગાદીએ બેઠા વિશ્વાધાર સ્વામી- તોરણ ત્રાસ
બંધાવસે રે =૨= તેની તજવીજ કરવી હવે અવનવીરે-
સૌ રુએસર રૂપનો સંબાર - પીરા અપસર આવ્યાં
કુંકારે =૩= હવે અસ્વારી કરસે શાહોજી શોભતીરે-
તેની જ્યોતે ઝંખાય સુરજ ભાણ - વીરા મહેર ઝંડા
રોપીયા રે =૪= હવે પીરાણાની કુરસીએ શાહોજી
બેસસે રે - તે તો આપે જુહરદીન નાથ - સ્વામી
જુગતે નામ ધરાવસે રે =૫=

ગનાન બીજુ (૨) વિલાપની વાણી છે - પીરા પોણ અમરનાં
આપી રે - પીરાં રહ્લાં કરો હુશિયાર - હવે મેલીને જવા પીરા
માહેરા રે - કારમો જોરો આ સંસાર = આયલી = પીરા અદલ
પોતી ચાલવા રે = ૧ = પીરા સમરો સરજનહારને રે - જે આ
સમયનો સંગાથ - બાકી તો સાથે કોઈ નહીં રે - વિના
નરહરી ત્રિભોવનનાથ = પીરા અદલ ૨ પીરા તેડાં તો તમને
આપીયા રે - જેવી કરણી મહેલો આજ - હવે સમરો રૂડાં રામ
ને રે - તે તો આપસે સહી કાજ = પીરા અદલ ૩ = પીરા બાણ
રે શરીકશાહા ચેતજો રે - અપુ સહુને નિરધાર - પણ ક્યાણીઓ
કા ઊસે રે - મારે એ તો મારા ચાર = પીરા અદલ ૪ =

ગનાન ત્રીજુ (૩) વિલાપની વાણી છે - પીરા અપુ છે નીસે
કરો રે - મેલી જોરો આ સંસાર - હવે અપુ છો અમર ધામમાં
રે - ત્યાં છે અમર સુખ અપાર = આયલી = પીરા અમરગઢ
પર વાધવા રે = ૧ = પીરા મેલીને માયા કારમી રે - મેલી
કારમો પરિવાર - પીરા મેલી અમર પરવારને રે - જ્યાં છે

નીતનીત ખુદ દેદાર =પીરા અમરગઢ પર પાધવારે=૨=
વીરા ઈકોતેરસો સાધને રે-જઈને મળવાં છે નિરધાર-
પીરા ઉત્સવ હોસે વૈકુંઠ મોરે-ત્યાંતો લીલા છે અપાર-
વીરા અમરગઢ પર પાધવારે=૩=પીરા મૌલાજીના લાલ અજબ
છે રે-હુરાં કસ્તુર ખુશ અવાજ-દરખત તુંબા કલ્પવૃક્ષ છે રે-
તે તણા મેવા અજબ અપાર=વીરા અમરગઢ=૪=મેવા સહસ્ત્ર
અઢાર બાવન તણાં રે-પછી ખીર ખાંડ ભોજન સાર-પીરા
રૂડાં મંદિર માણીયાં રે-તે તો હીરા રતન જડ્યાં-પીરા અમર
ગઢ=૫=પીરા ચંદ્ર સુરજ તોરણે રહે રે-તે હુંના સીતળ તેજ
અપાર-પીરા માન સરોવર અજબ છે રે-તે તણી અગર
કસ્તુરીની પાળ=પીરા અમરગઢ=૬=પીરા નારી તો સૂરજ
રંગની રે-તે તો સંખ્યા સિત્તેર હજાર-પીરા સિત્તેર હજાર સુંદરી
રે-ચંદ્ર રાય પદની અપાર=પીરા અમરગઢ=૭=પીરા દદ
કન્યાને પદમણી રે-તેના અદભુત રૂપ અપાર-તે તો ચાર
ચાલ્યાને ચોય છે રે-તે તો મહા ગુણપતિ નાર=પીરા અમરગઢ=૮=

જીજી હુરાંની સંખ્યા નથી રે - તેનો ગણતાં ના આવે પાર - પીરા
અમરગઢ પર પાધવા રે - તમે હરખ ધર્યો અપાર = પીરા અમર
ગઢ =૯= પીરા માયામાં મન રાખસો રે - તો પણસે તમારૂં
કાજ - પીરા મન રાખો કીરતાર સુ રે - જે હરી પરગટ કીરતાર
પીરા અમરગઢ =૧૦= પીરા ચરણે ચીત તમે રાખજો રે - જેને નર
પરગટ રમતાં રામ - જાણી અણો સરવે કારમું રે = જ્યાં છે
મૃત્યુલોકનો ઠામ = પીરા અમરગઢ =૧૧= પીરા ભણે નિરંજણ
આ સમે રે - હવે તમે હરખ ધર્યો અપાર - તમને પેમાંન
આપે લેડવાં રે - જે ભેટ્યાં હસે દીન દયાળ = પીરા અમરગઢ =૧૨=
ગનાંન સ્લોકુ (૪) પીરા ભપુ છે નીસે ફરી રે - મેલી મોઠા
આ સંસાર - દુનિયાંની દોલત પરહરે રે - ભપુ નીસે આપાર-
આપતો - પીરા તેડાં આવ્યા કીરતારનાં રે =૧= પીરા બાંધ્યા
તે બચકાં રહ્યા રે - રહ્યા બીબ ધન ભંડાર - રહ્યા બીબ
આભૂષણ ડાબલા રે - આવ્યા અણચિંતવ્યા મામ =૨ પીરાં
તેડાં =૨= પીરા વાજી રહ્યા ઘોડેરમાં રે - રહ્યા ગજ ગજ

શાખામાંય - રહ્યાં રાજ સુખાસન ચાલનીરે - રહ્યાં રથ
શ્ય શાખાને માંય = પીરા તેડાં = ૩ = વાજે વાગે છત્રીસ ભત
નાંરે - મેલી દેશ મુલક જમર - તમે ચાલ્યાં પીરા એકલા
રે - મેલી મીઠો આ સકળ સંસાર = પીરા તેડાં = ૪ = પીરા
કનક ગોરી કામનીરે - નારી રૂપનો અંબાર - તેને મેલીને
ચાલ્યા ચોદસુરે - મતાં ઘડીના લાગે વાર = પીરા તેડાં = ૫ =
પીરા પોપટ મેલ્યાં પાંજરે રે - મેલ્યાં રાજપાટ સુખધામ -
પીરા મેલ્યા મંદિર માળીયા રે - તમારે કોઈ ના આવ્યુ કામ -
પીરા તેડાં = ૬ = પીરા હાથે તે સાથે આપીયા રે - કોઈ રાંક
ને રાજ નહિ - પીરા આંની બોલ્યા રંગની રે - કહે શરીફદીન
ધરોને મન = પીરા તેડાં આવ્યા કીરતારનાં રે = ૭ =
ગનાન પાંચમું (૫) ભાઈ સમરો શ્રી રામને - અંતકાળે
નારાયણ - આઝર સાગર આવસે - નરહરી સારંગ પ્રાણ
આંચલો = પ્રાણી હરિને સંભાળજો = ૧ = મન માયામાંથી
કાઢજો - રાખો હરિ ચરણે મન - મુરત મનમાં ધારજો - જેવા

એયો જીવણ - પ્રાણી હરિને સંભાળજો =૨= રૂપે રંગીલા નર
હરિ - જેવા દીઠાં ભગવાન - અંતર ધ્યાંન તેનું ધરો - જેવાં
પરગટ દીઠાં ભગવાન =પ્રાણી =૩= જેપે રૂપે સંભાળશો -
જેપુ અંતધ્યાંન - તેપે રૂપે રે આપસે - તમને તેવા આઠામ -
પ્રાણી =૪= જેવી કરણી તમ તણી - ક્રિયા જપ તપ ધ્યાંન -
તેપે રૂપે રે દેખસો - સમરથ સારંગ પ્રાણ = પ્રાણી =૫=
માયામોંથી મન કાઢજો - નારી પુત્ર પરિવાર - રોજો ચરણે
મન રાંમજે - મેલ્યાં મુમતા સંસાર = પ્રાણી =૬= ભપુ મેલોને
કરમુ - ખોટો આ રે સંસાર - વાસો વસવો વૈકુંઠમા -
અમર સુખ છે અપાર = પ્રાણી =૭= મંદિર અમરમાં
તેમનાં - આપો મોલ આવાસ - નુર નિર્મળ રતન જડ્યાં -
માણેક તેજ જ્યોત પ્રકાસ = પ્રાણી =૮= ચાંદો સુરજ
મોહોલે જડ્યા - તોરણ તેજ અપાર - રાત દિવસ રે ધાંમ
મા - લીલા અપરમપાર = પ્રાણી =૯= ઈકોતેર સો પરિ
વારમાં - જઈને મલવા નિરધાર - હુરાં હરખે વધાવસે -

ગ્રાસે મંગળ ઘોળ = પ્રાણી=૨૦= મરસો મેલી આ લોકને -
અમર અમરાપર ઠાંમ - તેડી જસે તરતીપ સુ-ઈરસ્તા
ભીસત મુકામ = પ્રાણી=૨૧= જઈને પાડીમા રાજસે - ત્યાં
છે રચનાં અપાર - નુરી સોનાનાં બંગલા - બીજી ખૂબી
અપાર - પ્રાણી =૨૨= અહીંથી ઠાસે ઉઠાસરુ - ત્યારે ચાસે
ફરમાન - ચઢી જસો વૈકુંઠમા - પહોંચ્યો વૈકુંઠ ધામ = પ્રાણી૨૩=
બોલ્યા નિરંજન નરહરી - સમસેર દીન દયાળ - મરણની
પેળાએ બોલજો - પાણી ગનાન તે ઠાર = પ્રાણી ટીકને સંભાળજો=
શ્રી સતગોર સહેદેવપાયા:- વિદ્યાપગરીનુ ગનાંસ - સૌ
જન ગનાન સુણોને આજ વે =૧= મધ સુધી જગો તો ચાસે
તમ કાજ રે =૨= ગોષ્ઠી કરો ગનાંનનો પમરસ કરીયે રે =૩=
સાંભળ્યુ તે મન અંતર ચિત્ત ધરીયે રે =૪= ગોષ્ઠી વેળા
વાત કોઈની નવ કરીયે રે =૫= દીઠાં લેવાં ધ્યાંન ધણીના
ધરીયે રે =૬= સાંભળવાને તિરચ દેવ સરવે આવે રે =૭=
ઉંઘો નહીં તો મન અમારે તમે ભાવો રે =૮= સાંભળીને

દેવ પધાર્યો સરવે સહીં રે - તિરથ વાધ્યા ઓપમા કરસે-
તમ તહીં રે =૧૦= મારે તમે સાવધાન થાવો ને આજ રે =૧૧=
ગનાંન સુણીને ઘેર પધારો સર્વે સાથ રે =૧૨= મધ કરી
માથા જપો સરવે સાથ રે =૧૩= આખર વેળા પુરી ભરાય
જાય રે =૧૪= દેવ તીરથ વાધ્યાં પોતાને ઘાંમ રે =૧૫= બ્રહ્મ
સભામાં લેસે તમારા નાંમ રે =૧૬= મારે તમે ગનાંન સુણીને
આજ રે =૧૭= અસ્પારીમાં ત્યારે ભાગસો તહીં રે =૧૮=
એતો બોલ્યા બાકરશાહ કિરતાર રે =૧૯= મધ ભગી
શયન કરો આ વાર રે =૨૦=

હોંઠી વાંણ સેન કરો સુરતા ધરી
ચરણે ધરીયે ચિત્ત =૧=
અરધડી રાતે ભગશો
તો હમ તમ રહેસે મિલ =૨=

૧૩/૩/૦૪

શ્રી સતગોર સહેદેવ પાયાઃ- સુનત લખી છે- સુનતની
સહાયેલ સુણીએ- સુણો પીરાભાઈ =૧= ગોરજી પેદે કહે
સમજાવી- સાચો તો જુગતાઈ =૨= મુખેથી કલમો કહેવો
ભાઈ- તેની શી વડાઈ =૩= કલમો કહેતા ભસે- નિરમળ
હૈડાં પાસે =૪= કલમો તો નુર નુરાંણી કહીએ- નબીજીની
નિશાંની =૫= જે મુખે કલમો નહીં કહેસે- તેની શી એંધાણી-
૬= મુખડાં કાળા તેના પાસે- સેતાન છળસે અંણી =૭=
સુતાં ઉઠતાં કલમો ભણીએ- કાચ્યાં નુર નુરાણી=૮= એ કલમો
લોહી કલમો લખીયો- ખુદ ખાપિંડને વાંણી =૯= કલમે
પાક પવિતર કીધા- નોમની નિશાની =૧૦= ચોપાઈ = નામ
નિશાની નબીજીની સ્વર્ગના સરદારજી =૧= પાક પવિતર
નામ કીધાં- તે સહુને ઉતારે પારજી =૨= રાગ = જીંદગી કેરી
સુનત સુણીયે- નામ જપો પીરાભાઈ =૧= જીંદગી કરતાં
જરદ રાખે- જે ગોરની સગાઈ =૨= જીંદગીના તો બહુગુણ
મોટા- તાંણાતી કેમ આપે =૩= જીંદગીના તો બાંધ્યા

પોતે - કહી મેલ્યાં ના મવે =૪= બંદગી બાણ કેવા મારે -
સેતાનને ઉડાડે =૫= પાંચ વેળા બંદગી કરીએ - ગોરનાં
પાયક પાળો =૬= પાંચ પેળાની બંદગી સાચે - નીમાજ
સહેદી પાલે =૭= એવાં ગોરજી તારાં કહીએ - થોડામાં દુખ ટાળે =૮=
કહ્યુ કરો તો કારજ પાસે - સંતાપ સરવે ભસે =૯= નહીં કરો
તો પછી પીરા = પુરા તે પસ્તાસે =૧૦= આયતો = પસ્તાવો
તો પુરે પાસે બંદગી વિના બગાડજી =૧૧= બંદગી વિના
તો જારે વારો છે હાર હડતાળજી =૧૨= આપ = પછી સુનત
શેખ કહીએ - તે સુણોને ભાઈ =૧= મહેરાજે ચી મહંમદ
લાવ્યા - ખુદ પાસેથી તોહી =૨= એ તો ફરજ સહુને કરવી -
ગુપત પ્રગટી સાચે =૩= ફરજને સુનત સાચી - ગોરે નર
નાં ફરમાન =૪= નહીં કરે તો જાસે નહી - એ તો પાતે
નિદાન =૫= ખુદનું ફરમાન પાછું વાળ્યુ - તે તો છેમાંની =૬=
મહીના કેરાં ફળ માંજે - અધૂરા જે રહેસે =૭= જે અધૂરાં
રહે તે પીરા - બીજે મહિને કરવાં =૮= જે ફરમાન ખાસાં

છંદ- વ્રતનાં મેલો પહેલાં =૯= બીજ ને એસપત્ત સરવે-
કરવાં તે કરઅેડી =૧૦= આયલો: વ્રત કરવાને રોજ ધરવા
એતો ધરમની ઠાલ જી =૧= ખરા ઈમોની તેને કહીએ- બાકી
હોદખાં અણજી =૨= ઠાળ= વળી સુનત તે ગોરનું દરસણ-
કરવાને જેઈ આવે =૧= પરસે દહાડે દરસણ કરે તો- પાપ સરવે
જય =૨= દેપ પેખા બંદગી પેખા- દરસણ તે નજરે આવે =૩=
તે ધારીને બંદગી કરીએ- તો લાભ ઘણેરો થાવે =૪=
પથ્થર પાસાણી પુંજે સુનમાં તે થાપે ડુલાવે =૫= આજ તમને
પગાર મળીયા- પરખી લ્યોને ભાઈ =૬= દર્શનનો તો
મહિમા મોટો- તે કહ્યો નવ જાય =૭= જે મળે તે લઈ આવો-
દરસણ રૂડો થાય =૮= દેદારે તો દુઃખ જાસે- દેહી નિરમળ
થાસે =૯= કષ્ટ ભયે કમાઈ થાસે- સુખનાં દહાડા થાસે =૧૦=
આયલો: દહાડા સુખનું દર્શન મોટુ- કરો તો કલ્યાણ જી =૧=
દર્શન કરીને પગલાં ભરીએ- તો પગલે પગલે લાભ જી =૨=
ઠાળ: વળી સુનત કહીએ વીરા- પાક તન પોતાનું =૧= પાક

શાક થઈને પીરા- ધ્યાન ધરો ધણીનું =૨= નિર્મળ થઈને
બંદગી કરીએ- મેલ મનમાં ના રાખો =૩= કામ ક્રોધને કાઢી
મેલો- તો પાક પાસે તન =૪= મુમન મનમાં રાખસે તેનાં-
પાકી ના સંજા =૫= કામ આવોને ફસલ ઘાલે- તે તન પાકી
સાંની=૬= નિર્મળ થઈને નમણી-કરીએ- તે તન પાકી સાકી
=૭= જારે પારે બોલવુ તેના- પાકીની નિશાની =૮= કુડી
નજરે બેસે તે તો- પાક નહીં પરસ્તાંણા- મીઠી નજરે મળવું
પીરા- તે મુમિન પરદાંન =૧૦= ચાંયલો= પાક પવિત્ર દેહાં
કરજો- તો સુનતનાં સિરદારજી =૧= પોક તન તો ત્યારે
કહીએ- કોઈની નહીં પિજવાદજી =૨= ઢાળ- સાતમી
સુનત પીરા-કપડાં પહેરો પાક =૧= નુરાંણી તો પસ્ત્ર થાસે
એવી છે વડાઈ=૨= બંદગી વેળા-દેપ વેળા- વસ્ત્ર પહેરો
પાક =૩= ઢાલ પળી સુનત કેવી કહીએ- જ્યા રાખવી
પાક =૪= પાક જ્યાએ બંદગી કરવી- તો ફળ થાય કરમંની
ધરતી તેને આશિષ દેસે- સુખ સહાયતા એ રહેશે =૬= પની

સુનત નવમી કહીએ - પગ ઠોકી બંદગી કીજે =૭= આંહી ઠોકો
તો ત્યાં ઠંકાસે - એવી શોભા દીસે =૮= ઘુંટણ ઠોકી હેવે
આવો - તારે શાહજી રીઝે =૯= સતગોર કહે તે શીષ ચઢાવો
ક્ષ્યુ પહેલુ કીજે =૧૦= આયતો = ક્ષ્યુ કરો તો કાસલ ભસે -
કાયમ કહે કિર તારજી =૧૧= સુનત સાચી સરવે માનો તો
આપે તમારો પારજી =૧૨= ઠામ = નફીયત બાંધી બંદગી કરી
એ સતગોર સાંમી દ્રષ્ટિ =૧= તે બંદગીથી કાસલ ભસે -
સચનાં ભાગે કષ્ટ =૨= કોઈથી વાત નાં કરવી ભણી - બંદગી
વેળાં ભાઈ =૩= મુન થઈને માનારે કરીએ - તો બંદગીની
પડાઈ =૪= દેવ દર્શન મુન થઈ રહો તો - લાભ છે સવાઈ =૫=
વાતે તો પરભેળાં થાસે - તમે સૌ ભણો સગાઈ =૬= પખત
ભણોને બંદગી કરીએ તો - ફરમોની રહેમોની =૭= પાચ
પખત એમ સાંધો તો - અમર પાલો ભણો =૮= તાકીબલા
સામે ઉભા રહીને - બંદગી પુંભ કીજે =૯= પશ્ચિમથી તો
આપે ભાઈ - તે માટે તે કીજે =૧૦= આયતો = પશ્ચિમથી

આપે ને પાસે જેસે· તે ફરમાવે તમને આજ જી=૧= ~~તે~~
~~ફરસો તો સારી પાતો- રહે તમારૂં માન જી=૨= રાગ= એકસો~~
~~ને વીસ ગનાંન- સીજો મારા ભાઈ પની સુનત તેરમી તે~~
પીગત ફરીને પેહે કહે છે -પાળો તો સીધે કાજ જી=૨= રાગ=
પની સુનત તેરમો તે -ગોરજી કહે છે ગનોન =૧= તે ફરસો
તો સારી પાતો- રહે તમારું માન =૨= એકસોને ત્રીસ
ગનોન- સીજો મારા ભાઈ =૩= તે તો તમને કહુ વિસ્તારી
તેની છે નવાઈ =૪= વૈકુંઠની પારે અરકાપે· ધરમની સગાઈએ=
પારે મતા બીજી પૂછે- કેવા ધરમી ભાઈ =૬= મારે ધરમી કહે
સાંભળો- તમે ધરમની સગાઈ =૭= ત્યારે તો તે ત્યાં-
ધરમની કહે વાત =૮= કેવાં ધરમને કેવી વાંતો- તેની
કહો એંધાણી =૯= ત્યારે ત્યાં તો કહે છે ભાઈ -સતપંથ
સાચાં ભણ્યા =૧૦= ચોયલો= સતપંથ ભણો તો પુરી
નિશાની- ગનાંન ભણો ગોરનાં આજ જી=૧= એકસોને
ત્રીસ ગનાંન બોલો તો સતપંથ ભણો પુરા સાર જી=૨=

રાગ = તે મારે તમને ગોરે ફરમાવ્યુ - શીખો તો સરદાર =૧=
પછી સુનત કરીએ તે કરીએ - અન્ન ની જે સવાઈ =૨= ઘણી સવાઈ
ખાસે ભાઈ - તેની ત્યાં ભવાઈ =૩= અન્ન દેપ તો સાચ જરા
જર - તેનો મુકે લાગ =૪= તેનાં ભેદનાં અણપા લાઈ - તે તો
ચડીયા ઘાડે =૫= તેનાં ત્યાં તો પુંછણા પાસે - મહાદન વસમી
ઘાંટી =૬= પછી સુનત લજમી ફેરી - પ્યાંજે ઘન જે મેલે =૭=
માતાની ભાડ ખાવી - દુખના દરિયે રેલે =૮= તેણું અન્ન તો
કેપું કરીએ - પેટમાંની પસ્તુ તોલે =૯= તેણું નાહે ઘટારત
ખાસે - તે દરીયા છોલે =૧૦= ધરમી પછીને સુ સમજ્યા છે -
તે અર્થ મોટા ઉહાણે =૧૧= ચાયલો = વાતો મારોને નિયત
ખોરી - તે તો ભસે રસાતાળજી =૧૨= માતા ફેરી મુરભદ લોપે
તેને માથે જાલમ બાળજી =૧૩= રાગ = પછી સુનત પરાણું
વાસ્તે - કલમો ભણવો ભાઈ =૧= કલમો કરીને હાથ ફેરવીએ -
તો દુઃખ નાસી જાય =૨= પછી સુનત સત્તરમી ઝડાંડે જાપુ
તહીં =૩= ધરતીની તો રમ લેપી - દવા ભણવી ભાઈ =૪=

ચોરઈદ તોબા- પેસાબ તોબા- એમ કહીને કલમો ભણોયે=૫=
એમ કહીને ઝાડે જઈએ તો- સુનતની અદકાઈ=૬= વળી
સુનત જે દાંન દીજે -ગોરને હાથે તાંહે=૭= દાંન વિના તો ડુબી
જસો- આપ્યાં તેનો આપ્યા=૮= ત્યાં જઈ પસતાસો ભાઈ
નહીં મળે ત્યાં ખાવા=૯= આસલો= દાંન વિના તો દેવ ક્યાંથી
આલે તમને ત્યાંહે જી=૧= ત્યાં જઈ પસતાવા કરસો- નાં
દીધુ સંસારને માંહે જી=૨= ~~સમ~~ પરગારમણી આ સાંને-
પસતાઈએ- ભરો ગયે ભંડારજી=૩= દાખ= ઓગણીસમી
સુનત હવે- દેવ સેવા કરવી ભાઈ=૧= દેવ જમાડી પોતે
જમીએ- તો ત્યારે શાહોજી રીઝે=૨= દુનિયામાં તો દેવ પથ્થર-
તેને શુ કહે છે=૩= નાહી ધોઈને સેવા કરીને- પાળ ત્યાં ધરે
છે=૪= પાષાણ સાથે પ્રીત બાંધી- તેથી કાજ નાસીજે=૫=
તમને સ્વામી સાચ્યા મળ્યાં છે- દળીદરના કીજે=૬= ધન્ય
ધન્ય તમને ધણી મળ્યાં છે -ચૌદ ભુવનના નાથ=૭= વિવેક
વીધ કરીને -પુજો વેગે ભેડો હાથ=૮= દાંન જસે તો ફરીનહીં

રાખે તમારી લાજ -૯- સાચાં મણી સેવસો તો - શીઘ્ર થાય
સરવે કાજ -૧૦- ચાંયલો - દાનની તો દોરી લાંબી - પહોંચાડે
સ્વર્ગની માંહે જી -૧૧- ત્યાં જઈને ખાવાનું ખાસો - એ આલો
સતગોરને હાથ જી -૧૨- સેવા કરીને સારૂ માંગો - ભરો સરવે
ભંડાર જી -૧૩- રાગ - પીસમી સુનત પીરા - ખરી કરવી ખાસી -૧-
ખરી વિના તો ખોટું પાસે રહેસો રે ઉદાસી -૨- હકની
તો વાતો હરજી - કહે છે ચાલો તો ચોખારી -૩- હક વિના
તો હાંસી પાસે - મોટી છે ખુવારી -૪- પછી સુનત બીજી
સુણીયે - મુછોની લખ ના લેવી -૫- મોઢા મધ્યે જે પાણ આવે
તે તો મકરૂર ગણે -૬- પાંકી થાય જે મોઢેનો દેવો - એ પાક
નહીં નાપાકી -૭- તે માટે એ લખ નાં લેવી - સુનતે કર
માપી -૮- સુનત પીરા સાચી કરવી - ગોર નરની એ
પાયા -૯- પુરાં ઈમાની કરસે ભાઈ - બાકી સરવે કાયા -૧૦-
સ્નોયલો - કાચા ઈમાની કોરે રહેસે - એમાં કસ નહીં કરીસા
આજ જી -૧૧- કહ્યું કરો તો કામ સારૂં પાસે - સરે તે મારા

કાજ જી =૨= રાગ - પમી સુનત સુણીએ પીરા - ભાંગ તમાકુ
નહીં =૧= સુરાપાન તો સરવે તજીએ - અફીણને અહંકાર =૨=
એણે સારો જગ ડુબાડ્યો - માથે લીધો ભાર =૩= સુરાપાન સુતા
ને મારે - જીપ ગયા જુડાડે =૪= તમાકુ તો હોક્કાડેરૂ - બીજ
આપ્યુ છે ત્યાંપો =૫= તે આપી દુનિયામાં પ્રસર્યું - જીપ જુડાડે
સાંહીપીકે =૬= એનો સંગ ના કરસો ભાઈ - અડકો તો અભડાસો =
પમી સુનત કહીએ પીરા - વચુ (હિંમત) વધારવી નહિ =૭=
નખ ઉતારે મલી - સારી રહેસે ભાઈ =૯= દુરમતિ તો સરવે
જસે - ચોખ્ખું ચાંદરણુ પાસે =૧૦= રાચલી = ચોખ્ખુ પાસે ચારે
ભાગે - કહ્યુ કરો કર જોડી જી =૧= કહ્યું કરો તો કારજ થાસે -
કનક હીરા સાર જી =૨= રાગ = ચોવીસમી સુનત પીરા - દયા
ધર્મ કીજે =૧= પરદુઃખ જાણીને પાસે રહેવુ - કરવું હોય તે કીજે =
સંપત સારૂ તેને દીજે - તો લાભ ઘણેરો લીજે =૩= દયાએ
તો ધરમ વાધે - પાપ ને પરજાળે =૪= પમી સુનત કેપી કરવી -
અહંકારને અભિમાન =૫= અભિમાને ઓછું પાસે - અહંકારે

વિનાસ =૬= પછી સુનત છવીસમી છે- પડી જડીનાં લેવી=
૭= પડી જડી જે લીધી વીરા =તેનાં જુઓ એંધાણ =૮= ઈશા
સરજા કેવા ચંદા- તેના પડ્યાં ભંગાણ =૯= ચોથે જઈ કેવાં
ખટકાવ્યા - પજર લાગ્યાં જાણ= આંચલી= જાણ લાગ્યાં ને
જરદ રાખ્યા- પણ કસોઆ કસોટી માંહજી =૧= એ સમજુનાં
પારખાં તમે- જુઓ જુગના ચારજી =૨= રાગ =પછી સુનત
સુણીએ વીરા- સત્તાવીસમી જેહ =૧= ખડી ના ખાવી લણી
ના લેવી- ફળ ફળાદી જેહ =૨= હક વિના જે ખાસે ભાઈ- તેને
તો ખટકાવે તાંહે =૩= પછી સુનત સુણીએ વીરા- નજર
કો મુરાંણી =૪= હરામ નજરે રાંણ પાસે- પરસ્ત્રી મેણો =૫=
પરસ્ત્રીનું પાપ મોટું - સુરપતિને દ્રષ્ટ્રીમંઝાર થઈ પોતે
ભિસરીયા- ભગ થયા તે ભારે =૬= પછી ચંદ્રમા સાથે આથા
લાંછનમાં લુંટાણા =૭= લાહી ભર્યાની સોબત કરસે- તેને
લાંછન મોટા =૮= લાંહી મણીને પ્રગટ નહીં કરસે- તે સીર
કહેર રચાસે =૧૦= આંચલી- કહેર રચાસેને કારસલ મોરી-

પરગટ પિના પીડાય જી =૨= ભણ કરો તો જંમણ છૂટે - ધોણાં
ધોએ ગતની માંયજી =૨= હાણ = પછી સુનત કેપી કરપી - નિંદા
કોઈની ના કીજે =૧= પરનિંદાનું પાપ મોટું - તેનું ધોણું ધોજે =૨=
પારકાં વસ્ત્ર પાક કરીને - પોતાનાં મેલાં ના કીજે =૩= હરામ
ની નિંદા છે મોટી - તે કોઈની ના કીજે =૪= તીસમી સુનત
કેપી કરપી - પારકી આશા ના કીજે =૫= પારકી આશાએ
સદા નિરાશા - ફળ ફુલે કે નહીં =૬= પછી સુનત કેપી કરપી -
એબ ઢાંકીને ચાલો ભાઈ =૭= પારકી પોતાની એબ - ઢાંકો
તો ઢંગ આવે =૮= પછી સુનત કેપી કરપી - મુમત કોઈની
ના કીજે =૯= સાચો જૂઠો પાદ ના કરવો - મુમતે મૂળ રચાસે =૧૦=
જાંચલો = મૂળ રચાસે ને માર્યા જસે - તો મુમતીને મુશ્કલ
ઘાલજો =૧= મુમતે તો મોર મોટેરા હાર્યા - તેની કોઈને પકડી
જાંય જી =૨= હાણ = પછી સુનત કેપી કરપી - તેત્રીસમાની
પાલ =૧= ગોર કેરૂ ફરમાન સુણીએ - ~~સ્મ~~ મન આઘુપાછુ ના
કીજે =૨= સંપત સારૂ સરપે કરોએ - લાભ ઘણેરો લીજે =૩=

ફરમોન પાછું ના ઠેલો- દેવું હોય તે દીજે =૪= ગોર લોપી
મહા પાપી- એવા કામ ના કીજે =૫= અનેક જગન કરો તો
વીરા- તો તે કરમ ના છૂટે =૬= તે મારે તમને સંભળાવ્યુ-
ગોરનાં કહ્યાં કીજે =૭= પછી સુનત કેવી કરવી- જુઠી ગવાહી
ના દીજે =૮= કુડી નજરે શાખ ન દીજે ભાઈ- હત્યા હોય એ પાસે
=૯= તેનું પાપ કેમે ના છૂટે- ભોગવીસે ભરપૂર =૧૦= ચોપાઈ =
ભોગવતાં ભવસાગર બૂડે- તેની કોઈ ના પકડે બાંહ્યજી =૧=
જુઠાનો જે સંગ કરસે- તે આગળ જતાં અથડાયજી =૨=
રાગ- પછી સુનતની શિખામણ સુણીએ- મારૂં કોઈનું ના
કીજે =૧= મારૂં કરે મારૂં પાસે- તે ખ્યાલ મૂકી દઈએ =૨=
પછી સુનત શિખામણની- શેખ મોમનને કહીએ =૩=
મોટી સુનત કરવી ભાઈ- જે ગાફેલ થઈને રહેસે =૪= સુનત
વિનાના હાથ કેરૂ- પાંણી જે કોઈ પીસે =૫= તે પાણી તો
હરામ કહેવાસે- મકરૂહી મન માની =૬= નજીકો નિશાની
લાવ્યા- તે તો માંનો ભાઈ =૭= બાળપણામાં જરદ રાખો-

મોમન શેખ જે ભાઈ =૮= મોમન શેખને બીજુ કરે છે - માથે
ચોટલી નહીં =૯= ચોટલો રાખે ગોરની બોલી - લોક હાંસી
પાસે =૧૦= ચોયણી = તે માટે મોમનને કહીસે - મુસલમાંની
રહેમાંનીજ =૧= શેખ સમજે સુરાં પુરા - ચોટલો રાખે શુ થાય
જ =૨= આશક ભણીને ચોરી રાખે - તેને ગોરનું નહીં ફરમાન
જ =૩= રાગ = પણી સુનત સુણીએ પીરા - ગુસલ માથેને ધોરે
=૧= તરત નાહ્યાની તરતીપ મોટી - તેથી નાસે ચોર =૨= નાહ્યાં
વિના બહાર નીકળસે - તેને મોટી ખોડ =૩= કિરિયા હીણા
કાસણ મોટી - દુઃખ દળીદર પાધે =૪= સુખ નહીં ને શાંતિ
નહીં - દુઃખના દરિયા ડોળે =૫= ગુસલ માથે ને ધોરે ભાઈ -
સુતાને પગુલા =૬= એમ કરતાં જો મરણ આવ્યુ - નાપાકી
માંહે ડૂબ્યા =૭= ગુસલ માથેને કરતાં ફરતાં - જીવ જંતુ જે
મરે =૮= તે તો દાવાદારી પાસે - પોતે અટકે ને અટકાવે =૯=
કિરિયા કરસે જે આવી મને - દાવા ગીર તે પાસે =૧૦= નાયલી =
ગુસલ માથેને ધોરે ઘરમાં - તેનું પુરણ પાપજ =૧= જુવાની

દીવાની ભેગો - સમજ્યા નહીં ગમારજી :૨: રાગ: ગુસલ
વેળા નાહ્યા કેરુ - પાણી સવામણ જેહ :૧: અંગ ચોળીને નહાવું
ભાઈ - નરનારીને તાંહે :૨: નાંહી કરીને દયા ભણવી - પાક
થઈને તાંહે :૩: નાહતાં પાણીમાં છાંટા પડસે - એ પાક નહીં
નાપાકી :૪: માટે ટાંકી નહાજો ભાઈ - એ ગુસલની પેર :૫:
પછી સુનત કરીએ - પીરા - દર દીવાને ના ભેપુ :૬: ચાડી ચુગલી
ના કરીએ ભાઈ - ધરમીના ગુણ ધીરા :૭: ધરમી થઈને
ધાડો તાપે - પોતાનું ઘર ઘાલે :૮: પછી સુનત કેપો કરવી -
પાણી લઈ લઘુશંકા કીજે :૯: જીવજંતુ ના મારવો ભંણી -
મારે તો માર મોટેરો :૧૦: ચોપલો: તેતો જીવ દાવાગીર
પાસે - આગળ જતાં અપડાયજી :૧: આગળ જતાં સંતાપ
મોટાં - હમણાં સહેલ જાણો પાતકજી :૨: રાગ: પછી સુનત કેપી
કરપી - નાચ ભવાઈ નાં જેપો :૧: એ ધરમી કેરી ચાલ નહીં -
ભાંડ બોલ ભૂંડાખા :૨: નાચ ભવાઈ ચે પાંચે ઈન્દ્રિય - વશ
રાખો વીરા :૩: પછી સુનત કેપી કરપી - દેવ ભજનની વેળા :૪:

ઉસી જોલીને પાલના કરવી - એ ધરમની ચાલ =૫= પાતો
કરતી પધરાવાસે - ગોરનાં વચન વહી જસે =૬= વળી
કસુંબા વસ્ત્ર દેવે નહીં - એ સુનત શાહ કેરી =૭= વળી સુનત
કેવી કરવી - જુઠી આણ ના દેવી =૮= જુઠી આણે આંચ લાગે -
જાણ્યાં તેવા જાણસો =૯= જીવ જાણીને અણુ ત્યાંકે - અમર
ઘર તે ક્યાંથી =૧૦= આયતી = આણ દેવીને ગાળ માંપે - સ્વર્ગ
ભુવનને માંહેજી =૧= સ્વર્ગે અણુ તે સહેલના અંગો - વજડી
છે એપાર જી =૨= ઠાણ = છેંતાલીસમી સુનત પીરા - કરવી
તે કરજોડી =૧= દીવો જોઈને દુવા ભણવી - કલમો કહો
કરજોડી =૨= લક્ષ્મી કેરાં પુત્ર છે એ - ત્યાંહે લક્ષ્મીજીનો
વાસો =૩= સંધ્યાકાળે દીવો નહીં - ત્યાં લક્ષ્મીજીનો નહીં
વાસ =૪= દીવા વગર જે જમણ જમીસે - જમીસે જે ગ્રાસ =૫=
તે ગ્રાસ અગ્રાગ્રાસ - સુરાંપાનનો તોલે =૬= દહાડે જે જમણ
જમીએ - તેનાં સુરજ સાંખી જેઈ =૭= રાતે જમણ જમીએ
તો - દીવો સાક્ષી રાખીયે =૮= અન્નબ્રહ્મ છે આપ બરાબર

મન મધુરાં કરીયે =૯= હુવા ભણીને ફરમાન બોલી-હુકમે
હાજર રહીજે =૧૦= જાયતા- એ સુનતની સુરતા મોરી-
પાળો તો પાપન થાયજી =૧= એ અમર ઘરની આશા રાખો
તો-પાળો તો પ્રકાસજી =૨= બોલ્યા બાકરશાહ બકસી
લઈસું -એ સુનત ની સગાઈ જી =૩= બોલ્યાં બુહરદીન
બક્સી લેસે- એ સુનતની શરતજી =૪= સંપુર્ણ:-

-જપ- મંત્ર લખ્યા છે-

(૧) અલી અલા ફઝલ કરો.
(૨) સુભાન અલ્લા ફત્તેહ કરો (નાહીને જપવો)
(૩) પંચેતન મુશ્કલ કુ આસન કરો-આપી બલા દુર કરો-
આદિ અંતેના બંદાનુ ભલુ કરો-
(૪) કરમા કરીમ કરો -રહેમાન રહીમ કરો- આપી બલા દૂર
કરો- આદિ અંતેના બંદાનુ ભલુ કરો-
(૫) અબાસઅલી મુશ્કલ કુ મારી આસાન કરો- આપી
બલા દૂર કરો- આદિ અંતેના બંદાનુ ભલુ કરો.

(૬) ઈયા અલી ફઝલ કરો- આપી બલા દૂર કરો- આદે અંત
ના બંદાનું ભલુ કરો-

(૭) દરૂદ :- અલ્લાહો- મોસરીઅલ્લા- સૈયદના- વલીઅલા-
સૈયદના- મહમદદીન -મુબારક -નુરઅલી

(૮) કલમો :- હકલાય લહા- ઈલીલાહો- મહમદમેંદી અલીઅલા

(૯) તોબા તકસીર માફ કરો-

(૧૦) નાદેઅલી :- નાદેઅલી- યુન મઝહરલ- અજાયેબ- તજદ્દુ
ઓનાલકે- ફીન વાઈબ- કુલ્લે હમમીન- વગમગીન-સૈયજનલી
બે નબુઅતકે- ઈયા મહમદ- વબે વિલાયત કે- ઈઆઅલી-
ઈઆ અલી- ઈઆઅલી

ધર્મીએ કેટલીક મણવાની અને પાળવાની હકીકત :-

(૧) સહેજે દાંન કરે તો અનંતઘણુ- વેદ સુણીને આપે તો
સવા કરોડ ઘણું- માંગ્યાથી આપે તો સવા લાખ ઘણુ-

(૨) જમાત્ખાણા માંચે રહેસે તો વ્યાતપાત સવાયુ- ગ્રહણે
જમણુ- એટલે દેવનું ઉક ગણુ- શાહુકારનું સવાયુ માટે તુરત

ચુકાપો-

(૩) હરિ જમ્યા વિનાનું અન્ન માસને તોલે

(૪) હરિ સ્મરણ ના કરે તેનું મોઢું જુએ તો શાળ ભેયા જેટલુ પાપ થાય.

(૫) અભ્યાગતને આપ્યાં વિના જમે તે અન્ન પાંઝિયુ ગણાય-

(૬) ગુરૂ ચરણે દશ લાખ ભાર સોનું આપીએ તો પણ ઋણ ના છુટે =

(૭) સતગોરને ચરણે તન મન ધન શીષ સોંપે તો પણ થોડું છે.

(૮) અભિમાની અહંકારી સોનાનું મંદિર કરે તો પણ પ્રભુ તેમાં પગ ન ભરે.

(૯) સાત્વિક ભાવથી ભક્ત સુકુ પાંદડુ આપે તે પ્રેમથી લઉ પણ મારો જન અધર્મ આચરે નહિ.

(૧૦) દાંન પુન્ય કરતાં જ્ઞાની થધે.

(૧૧) દાન આપતા પારેને ગામની ચાડી કરે તેનાંથી પ્રભુ વેગળા રહે - તેને ઘેર પ્રભુ નહિ આવે.

(૧૨) શુભ કાર્ય કરેલુ જતાવવુ નહી- નહી તો નકામુ પસે

(૧૩) સ્ત્રીનાં પાપ પુરૂષને ભોગવવા પડે છે- પુણ્યમાં અડધો ભાગ હોય છે

(૧૪) વારાંના વ્રત કરવા- જેવાકે સુદી બીજ (ચંદ્રદર્શન) મોટો શુક્રવાર- (બીજ પછીનો પહેલો શુક્રવાર) ના દર શુક્રવારના દિવસે જ્યારે સુધીનું વ્રતકરી પુજમા જવુ- પુજના મણે તો ચરણામૃત લેવુ- વ્રત રજ્જમાસ કરવો- વ્રતના શરદા ની ૩૯ માળા પગે લાગી કરવી- શુક્રવાર જ્યારે પુંજ પહેલા ૧૨૫ માળા ચાલુ જપની કરવી- શુક્રવાર વારાં નું વ્રત મોટામાં મોટું વ્રત છે-

(૧૫) દર માસના મોટા સોમવારે ૧૨૫ નામ નાદેઅલીનાં લેવા- નાદેઅલી ના આવડે તો દરૂદના લેવા-

(૧૬) પ્રથમ હૃદય ધોઈ નિર્મળ કરવુ- બીજી ક્રિયા નિત્ય નાહીને જમવુ- અન્ન લેવા ઓડકાર- આચાર લેવા વિચાર- ચરી પાળો તો દવા ગુણ લાગે- તેવી રીતે આવાગમન મિટાવવા માટે

ક્રિયા આચાર પાળો તો લખ ચોર્યાસીનો ફેરો મટે-

૧૭ વડીલોનું માનવુ - મોટાઈ મનથી ગર્વ ના કરસો - વડાઓ
ની અદબે રહેજે - વડા તણા જે અવગુણ સહેજે-

૧૮ મા બાપ અથવા ગુરૂ પોતાનાં ગણીને જે કાંઈ કામ કીધુ
હોય તે કરવું - આજ્ઞા ભંગની કરવી નહી-

૧૯ પાંચ વ્રત રજેપાળી કરસે - ઉત્તરે ગુરૂવાર - દક્ષિણે બીજ
પૂર્વે તેલાવ્રત - પશ્ચિમે શિયળવ્રત - અને શરીર પર છલ્લો કરવો-

૨૦ માળા ભજન જપ તપ દાંન જે કાંઈ થાય તે જમા થાય
છે - માટે જે વધુ થાય તે પ્રયત્ન કરવો - તે કરવાથી પ્રભુ
ની આપણી ઉપર દયા મહેર રહે છે - આ વખતમાં ભગવાન
જેની લાજ રાખસે - તેની લાજ રહેવાની છે - માટે સાવચેતી
થી ચાલવુ - વળી ધર્મ પાળવો - તે ખાંડાની ધાર માફક
છે - તે સમજ્યા વિના ગફલતમાં થય છે - સદ્‌ગુણોએ
ધર્મની રાહે ચાલીને નિયમ મુજબ ચાલવુ જોઈએ-

પરમ પૂજ્ય દયાળજી કાકાએ લખેલી ચેતવણી:-

સંવંત ૧૯૯૩ નાં ચૈત્ર સુદ બીજ પાંચેતન પુરાં થસે- સરવે
લુંટાઈ જસે- નહાંના છોરા પડવા દેવા નહિ- ઉંચુ મુકી આસન
પર બેસી નહાવુ- પ્રથમ ત્રણ આચમન કરવો- હાથ પખાળવા
ભજન કરવુ- તે સુખા ધારીને આચમણેથી શાલુ મરી જાય
ત્યારે પાંહાંણ પધરાવવુ- પરસ દહાડો લગી નામ લે તો ટેવ
પડે- દીવો ઓલવો નાખવો નહિ- છપખત ભજન કરવુ-
સાચુ બોલવુ- ખટી કરવી- દેવે વા સરખા દેવો નહિ- શુકવારે
સવારી થસે- દોઢ પાસેર જમે તે માણસ ખડે કરવા જઈએ
તો મારી લઈ જઈએ- શાસ્ત્ર બોલીએ તથા ભજન કરી
એ- ત્યાં ધુપ કરવુ- મુસાફરી જઈએ ત્યાં પ્રથમ ખારલે
બેસવુ નહિ- પરમેશ્વરનો મેળો લેવો- ત્યારે ટચલી આંગળી
ઉંચી કરવી- જે એક પરમેશ્વર છે- સવા મણ પાણીએ
નહાવુ- મા બાપ સાથે પડસે તે મહાદનમાં શો જવાબ
દેસે- માણસની અધી ઉંમર જાય ત્યાં સુધી બુધ્ધિ આવે

પહેલી પીસીમાં સારી આપે- સારી આપે તેને સારી આપે-
તાહી ઉતારે પણ ગણીના ડાઘ જેઠાં તે ન ભય- દિવાળી
પર કામ કાજ હોય તે મુકીને દેવે તથા મેળે જપુ- બહુ લાભ
છે- ધર્મ જપ પાપે ક્ષય- દાન કરેલાં દામથી દૂર રહો-
છત્રીસ ઈમોમ ક્યાંથી પેદા થયા તેની વિગત :-

કરણમાં સત્તર અવતાર થયા- ત્યાર પછી વિષ્ણુએ
શ્રાપ ક્યોં કે ધર્મ નિયમ વિના સૃષ્ટિ નહિ તેથી પોતે
તપ કરવાનો આરંભ ક્યોં.

ત્યારે તપ કરવાને દેવ, દાનવ, બ્રહ્મા, વિષ્ણુ, શીવ પણ
બેઠાં ત્યારે એવુ તપ કર્યુ કે સો વરસ ઉભા રહે તો સો વરસ
બેસે ત્યારે એક વિષ્ણુ તેજ પેદા થાય. એવી રીતે છત્રીસ
વાર ઉઠ્યા અને છત્રીસવાર બેઠાં ત્યારે છત્રીસ ઈમોમ પેદા
થયા ત્યારે વિષ્ણુએ ક્યુ કે જે ઓ કહેસે કે અમે મણ્યુ છે.
નહિ તો અમારુ અભણ્યુ નથી, જેણે ખરા દિલથી તપ ક્યુ
તેને વરદાન આપ્યુ કે તેને સતયુગમા બકસીસુ- ને જેણે

જરા જાણી તપ કર્યું તેને ત્રેહતાયુગમા બક્ષીસુ - એવું પરદાન આપ્યુ - જેણે હુકમ પાળવા તપ કર્યું - તેણે દ્વાપર યુગમાં બક્ષીસુ - ને જેણે સ્વર્ગમા જ્યા તપ કર્યું તેને કળીયુગમાં બક્ષીસુ -

ત્યારે દેવોએ અરજ કરી કે અમો શીરીતે આપવિનાં રહીએ - ત્યારે પોતે દેવપુંજ સ્થાપવા ઠરાવ કર્યો અને છત્રીસ ક્રોડમનું તેજ કળાએ આપવા ફરમાવ્યુ.

પછી બ્રહ્માજીએ પાટ આપ્યો - શિવજીએ કળસ આપ્યો - બ્રહ્માએ પાન આપ્યો - મહાવિષ્ણુએ ચરણામૃત આપ્યુ - એમ બધા દેવોએ આપ્યુ -

પછી વિષ્ણુ પાટે બેઠાં - બ્રહ્મા પાન બેઠાં - શિવ પુંજ મા રહ્યા - હવે કળા કોણ લે તેની ભાંજગડ થઈ - કળાં લે તો પદમાંથી ફાટી જાય - જો ધરતીમાં પધરાવે તો ધરતી રસાતાળ જાય -

ત્યારે વિષ્ણુએ પોતાનાં કરેલા તપમાંથી અડધુ તપ

આપ્યુ કે મારા તપના બળથી કળા લેનારને ઇમ થાય

નહિ - પછી બ્રહ્માએ આપ્યુ - પછી શિવને કહે - તમે કળા

લો - ત્યારે શિવે કહ્યુ કે મારાથી ના લેવાય - ત્યારે વિષ્ણુ

એ કહ્યુ કે પાંચ હજાર વરસનું તપ મુકી દો - ત્યારે પોતે

કળા લીધી - ત્યારે બધા દેવોએ સ્તુતિ કરી કે મહારાજ આ

વખતમાં તો કળા શિવજીએ લીધી પણ સતયુગ ત્રેતાયુગ

દ્વાપરયુગનો વિચાર કરો - ત્યારે પોતે ફરમાવ્યુ કે -

સતયુગમાં જે કળા લે તે ચાલતાં આલમુરતના

નામની પાંચ હજાર માળા કરે અને સવા મહોર મૂકે -

ત્રેતાયુગમા પણ આલમુરતનાં નામની પાંચ હજાર

માળા કરે અને સવા મહોર મુકે -

દ્વાપરયુગમા પાંચસો માળા ચાલતાં આલમુરતનાં

નામની કરે સવાપાંચ રૂપિયા મૂકે તો તે કળા લે.

કળીયુગમાં સવાસો માળા કરે તો પાંરાંણ લે અને સવા

પૈસો મૂકે તે પ્રમાણે ઠરાવ્યુ - પછી દેવ-પુંજ પુરી થઈ - ત્યારે

વિષ્ણુએ સંકલ્પ મૂક્યો કે-

જે કોઈ મન સ્થિર રાખી - એક દિવસ પુંભ કરસે તેને મેં મારી આખી જીંદગીના તપનો લાભ આપ્યો-

ત્યારે બ્રહ્માએ પણ એવુ કહ્યુ કે - જે કોઈ પાખે એકમન રાખી બેસે તો મારા કરેલા તપનુ પુન્ય મે આપ્યુ-

ત્યારે શિવે કહ્યુ કે મે પણ પુન્ય આપ્યુ-

એ બેઈ બધા દેવોએ કહ્યુ કે - જે કોઈ માણસ મન સ્થિર રાખી દેવ-પુંભ લેસે એને અમે પણ પુન્ય આપ્યુ - ત્યાર ચી દેવકળાનું કામ ચાલ્યુ - અને આગમ ભય ને હાજરમુરત નું નુર અને કળસ પુંભ ધંધુકારથી થઈ છે- તે છેક દ્વાપર યુગ સુધી છત્રીસ ઈમોમ સુધી ચાલ્યુ.

કળીયુગમાં અન્યાય વિશેષને ત્યારે પોતે વિચાર કર્યો કે છત્રીસ ઈમોમ કળાએ આપે છે તેવા સાડત્રીસ ઈમોમ પધારવા. એવુ ધારી એક ઈમોમ જુદરદીન બાવાના પજલ ચો પધાર્યા - ત્યાં સુધી શાસ્ત્રમાં એવુ હતુ કે-

છત્રીસ ઈમોમે પ્રવેશ કીધો - સંસાર સાગર જેહ - તેહ તણો આધાર છે - માંહી પાવન ધોવ્યાં તેહ - અહીં કલમો પણ ફેરવ્યો - આગમ દૈત્ય ઘણાં પયા - પછી પહેલા કહ્યુ હતુ કે - ઇકલાયલહા ઈલીલાહો મહંમદદુર રસુલીલા - એ કળીયુગના પખતમાં ફેરવોને.

ઇકલાયલહા ઈલીલાહો મહમદમેંદી અલીઅલા -

પરોપકાર :- પારકાનું ભલુ કરવુ - એજ પરમ ધર્મ છે. અઠ પાડીયે થોડા કલાક નિષ્કામ સેવામાં ગાળો. ગરીબ અને રોગીને મદદ કરો. ધર્મ પ્રચારનું કામ કરો. આપા શુભ કામમા અભિમાન છોડી બદલાની આશા ન રાખો. સ્વધર્મ અને કર્તવ્ય કર્મનું ઈશ્વર અર્પણ બુદ્ધિથી પાલન કરો.

દાન :- કમાણીનો દસમો ભાગ દર મહિને કે વરસે કાઢો. કોઈ પણ સારી વસ્તુનો મિત્રો, સબંધી અને નોકરવર્ગમાં વહેંચી ઉપયોગ કરો. બધા જીવોને તમારા કુટુંબી ગણો. સ્વાર્થ વૃત્તિ છોડી દો.

નમ્રતા :- નમ્ર બનો અને બધા સાથે નમ્રતાથી વર્તો.

શ્રધ્ધા :- ગીતા, આપ ગાયત્રી, ગુરૂ અને આલપિતાનુ માં શ્રધ્ધા રાખો, ઈશ્વરને આત્મ સમર્પણ કરીને હંમેશા માંગો કે "હે ઈશ્વર આ બધુ તારૂ જ છે હુ પણ તારો જ છુ જેવી તારી ઈચ્છા તેવું જ બનો. એથી કશુ વધુ માંગતો નથી. ઈશ્વર જે કરે તે સારૂ કરે છે" તેમ માનો.

સર્વાત્મભાવ :- બધા જીવોમાં ઈશ્વરના દર્શન કરો, કોઈ ઉપર દ્વેષ ના કરો.

નામ સ્મરણ :- હંમેશા ઈશ્વરનું નામ સ્મરણ કર્યા કરો. પ્રાતઃકાળે ઉઠીને ઈશ્વરનું ભજન કરો. સતત જપ માટે માળા પાસે રાખો. શ્વાસો સ્મરણો હરિનું સ્મરણ કરવુ.

છ વખતની માળા કરવી - વખત બને તો સારૂ નહિ તો સામટી કરવી.

જ્યાં દેવપુંજ ચતી હોય ત્યાં સરવે ઘરમોઓએ દેવ પુંજમાં હંમેશા જવુ જોઈએ. અને જ્યાં દેવપુંજ ચતી ના હોય તો સદ્દગુણી ઘરમોઓએ ચરણામૃત પીને માળા-ભજન કરવા. પ્રથમ પાંચ માળા ચાલુ જપની-નુરપોધાની ચાર માળા ચાલુ જપની અને દર્શન ના થયા તો દર્શન નો લાભ થાય તે માટે છોંતેર માળા (૭૬) ચાલુ જપની ફેરવવી.

માળા ફરતી વખતે પ્રથમ આરંભ માંડતા પહેલાં માળા જંઘોની દુવા ભણવી. પછીથી દસ અવતારનાં નામ લેવા. અને આવડે તો સાડત્રીસ અવતારનો નામ લેવા ને કલમો પઢવો. પછીથી દરરોજ ફરમાન મુજબ માળા ફરવી અને માળા ફરી રહ્યાં પછીથી શરદો કરીને માળા જંઘો કર્યા પછીની દુવા ભણવી.

સોમવાર શિવજીનો મહાદેવજીનો દિવસ, ગુરૂવાર બ્રહ્માજીનો દિવસ અને શુક્રવાર વિષ્ણુનો દિવસ છે.

સ્વર્ગ ચાર જણાંની આશા રાખે છે-

૧- ભૂખ્યાને જમાડસે-

૨- નાગાને વસ્ત્ર આપસે

૩- શુકપારનું વ્રત પાળસે-

૪- કે ખરી દસુંદ આપસે-

કર્કોટક નાગ - નળ રાજા - દમયંતિરાણી - સુદેવ બ્રાહ્મણ - ઋતુપર્ણ રાજા એ પાંચનામ લેવાથી કળિયુગ નાશ પામે છે.

દુઃખ સમાન ગુણ નથી.

ક્રોધ સમાન શત્રુ નથી.

સત્સંગ સમાન સંસારથી તારે એવી કોઈ નૌકા નથી.

અપકાર સમાન નીચતા નથી.

પ્રેમ સમાન કરવાનું કામ નથી.